Please purchase PDFcamp Printer on http://www.verypdf.com/ to remove this watermark.

ઇન્ટરનેટ પર વાંચવા : http:vivekpanthi.googlepages.com

વીવેકપંથી ૯૧

તંત્રી : **ગુલાબ ભેડા**
કાર્યાલય : ૨-સી/૧, અસ્મીતા મોગરા, દત્ત જગદંબા માર્ગ,
શેરે-પંજાબ કોલોની, અંધેરી (પુર્વ), મુંબઇ-૪૦૦૦૯૩.
ફોન : ૨૮ ૩૮ ૮૮ ૯૧
Mail : gulab_bheda@yahoo.com

ગુ. મુ. રેશનાલીસ્ટ ઍસોસીએશનનું જાહેર નીવેદન

રાશ્ટ્રપ્રમુખ, મુખ્યમંત્રી તથા સરકારી તંત્ર દ્વારા પ્રજા ખર્ચે અને સરકારી સ્તરે થયેલા ધાર્મીક સ્થાનોની મુલાકાતના જાહેર દેખાડા સામે વીરોધ

હાલમાં જ (ઑક્ટો. ૧/૨ દરમીયાન) આપણા રાશ્ટ્રપ્રમુખ પ્રતીભા પાટીલ ગુજરાતના પ્રવાસે આવી ગયાં.

જે કંઇ અખબારી અહેવાલો જોવા મળ્યા છે તેના પરથી લાગે છે કે મુલાકાતનો હેતુ કોઇ સત્તાવાર કામો માટેનો નહીં, પરંતુ જાણે કૌટુંબીક પ્રવાસ અને ધાર્મીક યાત્રાનો જ હતો. રાશ્ટ્રપ્રમુખ, મુખ્યમંત્રી તથા સરકારી તંત્ર દ્વારા પ્રજાના ખર્ચે અને સરકારી સ્તરે થયેલા ધાર્મીક સ્થાનોની મુલાકાતના આવા જાહેર દેખાડાને મુંબઇ રેશનાલીસ્ટ ઍસોસીયેશન વખોડે છે.

સોમનાથ કે દ્વારકાનાં મંદીરોનાં દર્શન અને મહાઆરતી જેવા ધાર્મીક આયોજનોમાં બીનસાંપ્રદાયીક દેશનું સર્વોચ્ચ બંધારણીય સ્થાન ધરાવતા મહાનુભાવ ખુલ્લેઆમ એમના સત્તાવાર દબદબા સાથે ભાગ લે તે બંધારણના સેક્યુલર આદર્શનું ઉલ્લંઘન ગણાવું જોઇએ. સાથે રાજ્યના મુખ્યમંત્રી, અન્ય મંત્રીઓ તથા દરેક સ્તરના સરકારી તંત્રના અધીકારીઓ જોડાય તેને અમે સાંપ્રદાયીક તુશ્ટીકરણ ગણાવીએ છીએ. વળી, આ બધાં આયોજનોમાં સેંકડો લોકોના પ્રવાસ, સરભરા અને સલામતી પાછળ થતા લાખો-કરોડો રુપીયાના પ્રજાકીય નાણાંના વેડફાટ માટે ગુજરાતની જનતાએ સરકાર પાસેથી હીસાબ અને ચોખવટ માંગવાં જોઇએ તેવી અપીલ કરીએ છીએ.

માહીતી પ્રમાણે રાશ્ટ્રપ્રમુખ પ્રતીભા પાટીલ સાથે મહારાશ્ટ્રથી આવેલા રસાલામાં ૧૦૦થી વધુ લોકો હતા, જેમના આયોજન માટે અહીંથી ચાર ગણા લોકો સામેલ થયા હતા. તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાંની મ્યુનીસીપાલીટીએ ખર્ચા કર્યા હતા અને રાજ્યના વહીવટીતંત્રએ ૮૦૦૦ પોલીસોને સેવામાં હાજર કરેલા હતા !

સેક્યુલર અને રેશનલ સમાજ માટે પ્રતીબદ્ધ તેવું આ પ્રજાકીય સંગઠન, ગુજરાત-મુંબઇ રેશનાલીસ્ટ ઍસોસીયેશન, રાશ્ટ્રપતી ભવન તથા ગુજરાત સરકારને આવા ગેરબંધારણીય આયોજન, સત્તાના દુરુપયોગ અને પ્રજા-ભંડોળના વેડફાટથી દુર રહેવા અપીલ કરે છે.

અશ્વીન કારીઆ-પ્રમુખ
કીરણ ત્રીવેદી-મંત્રી
સાથે ઍસોસીએશનની કારોબારીના અન્ય ૨૮ સભ્યો



ગાંધીજી સાથે ઓબામાનું ભોજન

અમેરીકાની વર્જીનીયા હાઇસ્કુલના નવમા ધોરણના વીદ્યાર્થીઓએ ૯-૯-૦૯ના રોજ પ્રમુખ ઓબામાને પુછ્યું, ''ધારો કે જીવીત કે મૃત કોઇ પણ વ્યક્તી સાથે ભોજન કરવાની તમને તક મળે તો તમે કોની સાથે ભોજન કરવાની ઇચ્છા રાખો છો ?''

ઓબામાનો જવાબ : ''જીવીત કે મૃત ? ઓહ, એ યાદી તો બહુ લાંબી છે.'' આગળ ચાલતાં તેમણે કહ્યું, ''એ વ્યક્તી ગાંધીજી જ હોય. તેઓ મારા જીવનના સાચા હીરો છે. જો તક મળે તો એમની સાથે ભોજન કરવાનું મને ગમે-પછી ભલે તેઓ સાવ ઓછું ખાતા હોય. ગાંધીજી એક એવી વ્યક્તી છે, જેણે છેલ્લી કેટલીય પેઢીઓથી વીશ્વભરના લોકોને પ્રેરણા આપી છે, મેં પણ એમનામાંથી ખુબ પ્રેરણા લીધી છે. તેઓ મારા પ્રીય હીરો અને શાંતીદુત છે.'' [તા. ૧૦-૯-૦૯ના અખબારી સમાચાર]

નોબલ વીજેતા !?

ઓબામાએ જેમને શાંતીદુત ઠેરવ્યા તે ગાંધીનું નામ ૬ વખત નોબલ શાંતી પુસ્કાર માટે નકારાયું હતું અને તેઓ તેનાથી વંચીત રહી ગયા હતા તેનું કારણ નગીનદાસ સંઘવીને પુછતાં તેઓ જણાવે છે, ''તે સમયે બ્રીટીશ શાસન હતું. ગાંધીની કીંમત એ લોકો ના જ થવા દે.'' તો ઓબામાની પાત્રતા ખરી ? તેવા પ્રશ્નનો જવાબ આપતાં તા. ૧૦-૧૦ની સવારે સંઘવી કહે છે, ''ના. વીશ્વશાંતી માટે હજી એમણે ખાસ કઇં કર્યું નથી. માત્ર અહીંતહીં શાંતીની વાતો જ કરી છે. પારીતોશીકો પણ હવે ક્યાં શુદ્ધ રહ્યાં છે !''

તો શું ગાંધી સાથે ભોજન લેવાની ઓબામાએ ઇચ્છા વ્યક્ત કરી તેનું જ આ પરીણામ ?!

વીચારલાલીત્ય

પાકીસ્તાન ટાઇમ્સના તંત્રીલેખમાં ગાંધીજીને અપાયેલી અંજલી એ મતલબની હતી કે તેઓ હતા ત્યાં સુધી તેમની ટીકા કરવાનું બનતું રહ્યું છે, પણ બધો વખત અમે એક વાતે અશ્વસ્ત હતા કે કમ સે કમ આ એક માણસ એવો છે કે સરહદની બન્ને બાજુએથી બધાની ચીંતા કરે છે. રાશ્ટ્ર રાજ્યને વખોડી શકતા આવતીકાલના માણસ તરીકે ગાંધીને જોઇ શકીએ તો વાત બને. **- પ્રકાશ ન. શાહ** તંત્રી 'નીરીક્ષક'

[તેમના એક લેખમાંથી]

ભારતના તમામ નાગરીકને યોગ્ય રહેઠાણ ના મળે ત્યાં સુધી એક પણ નવું ધર્મસ્થાનક બાંધવાનો પ્રતીબંધ મુકાય તો આપણા ધર્મવીચારની ગરીમામાં ઉમેરો થાય, યુરોપના અનેક દેશોમાં નવાં દેવળો બાંધવા સામે પ્રતીબંધ મુકાયો છે. આપણે ત્યાં આ નીયમનો અમલ સખ્તાઇથી થવો જોઇએ. ગુજરાતમાં વરીશ્ઠ વીચારક રમણ પાઠકે મંદીરોના બદલે સંડાસો બાંધવાનો અનુરોધ કર્યો છે તે સર્વથા સાર્થક છે. **- નગીનદાસ સંઘવી**

'કળશ' તા. ૯-૯-૦૯

પીડામુક્તીનો અંતીમ ઉપાય ઇચ્છામૃત્યુ

ગુજરાત મુંબઇ રેશનાલીસ્ટ ઍસોસીએશનની તા. ૧૨-૯ની સભામાં બીનનીવાસી ભારતીય (N.R.I.) ઇશ્વરભાઇ પટેલે જાતે ઉપસ્થીત થઇને તેમનાં પત્ની શાંતાબેનની અસહ્ય પીડાની દર્દનાક રજુઆત કરીને અપીલ કરી હતી કે ઇચ્છામૃત્યુને કાયદેસર કરાવવાની દીશામાં રેશનાલીસ્ટોએ સક્રીય થવું જોઇએ.

૧૩મીની રાત્રે તંત્રીએ એમને ઘેર જઇને શાંતાબેનના વીચારો જાણ્યા હતા અને વીશય પર ઇશ્વરભાઇ સાથે સવીસ્તર ચર્ચા પણ કરી હતી અને ત્યારથી એમનો ફોનસંપર્ક ચાલુ છે.

ઇશ્વરભાઇ પોતાની ઉંડી વ્યક્તીગત વેદનાને સામાજીક સમસ્યા ગણીને જે નીશ્ઠાથી લાગી પડ્યા છે તેની નોંધ લેવી જ રહી.

એમણે નોટરાઇઝ્ડ સોગંદનામા સાથે રાશ્ટ્રપતીને કરેલી અપીલનો ગુજરાતી તરજુમો રજનીકુમાર પંડ્યાએ 'વીવેકપંથી'ને મોકલ્યો છે તે તો અક્ષરસઃ આપણે વાંચવાના જ છીએ, પણ તે પહેલાં રજનીભાઇના પ્રયાસથી ગુજરાત સમાચારે લીધેલી એ દંપતીની મુલાકાતનો તા. ૩ ઑક્ટોબરનો અહેવાલ અક્ષરસઃ જોઇ જઇએ.

પત્નીની વેદનાભરી જીંદગીના અંત માટે પતીની અરજી

રાશ્ટ્રપતીજી, મારી કૅન્સરથી રીબાતી પત્નીના સ્વેચ્છામૃત્યુ માટે છુટ આપો

અમદાવાદ; શુક્રવાર

જીવનની યાચના કરતી દયાની અરજીઓની રાશ્ટ્રપતી માટે નવાઇ હોતી નથી, પણ અમદાવાદના ઇશ્વરભાઇ પટેલની અરજી અનોખી છે : તેમણે કૅન્સરથી પીડાતાં પોતાનાં ૭૫ વર્શનાં પત્ની શાંતાબહેનની મુક્તી માટે તેમના મૃત્યુની પરવાનગી આપવા માટે રાશ્ટ્રપતીને તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૦૯ના રોજ અરજી મોકલી છે. તેની સાથે નોટરી સમક્ષ કરેલું સોગંદનામું પણ છે.

શાન્તાબહેન પટેલ છેલ્લાં ત્રણ વર્ષથી ફેફસાંના કૅન્સરથી ગ્રસ્ત છે. તેમનું દર્દ થોડા વખતથી છેલ્લા તબક્કામાં પ્રવેશી ચુક્યું છે. બીનનીવાસી ભારતીય એન.આર.આઇ. ઇશ્વરભાઇ પટેલે દોઢેક વર્શ સુધી અમેરીકામાં પત્નીની સારવાર કરાવી. અમેરીકાના ડૉક્ટરોએ સુધારાની આશા છોડી દીધા પછી તેમની સાથે ઇશ્વરભાઇ અમદાવાદ આવી ગયા. ત્યારથી શાંતાબહેનની પીડામાં સતત વધારો થઇ રહ્યો છે. ધીમે ધીમે હરીફરી શકતાં શાન્તાબહેનને પહેલી નજરે જોઇને તેમના દર્દની ગંભીરતાનો અંદાજ ન આવે, પણ થોડી વાર પછી દર્દને કારણે થતો કણસાટ સંભળાવા લાગે છે. તેમને અપાતા મોર્ફીન અને નાર્કોટીસના ભારે ડોઝ માત્ર ને માત્ર દર્દને બને તેટલું કાબુમાં રાખવા માટે હોય છે. તેમની આડઅસરથી સતત ઉબકા-ઉલટી, મોંમાં ચાંદાં, જીભ ઉપર કાપા, વજનમાં ઘટાડો, ચામડી સુકાઇને ફોતરી જેવી થઇ જવી અને તેના કારણે થતી બળતરા... જે કોઇ શાન્તાબહેનનું દર્દ જુએ એ સૌ એક જ ઉદ્‌ગાર કાઢે છે, 'ભગવાન બોલાવી લે તો સારું.' અસહ્ય દર્દથી વારંવાર રડી ઉઠતાં શાંન્તાબહેન પણ ભગવાનને એવી જ પ્રાર્થના કરે છે. (રેશનાલીસ્ટો માટે ભગવાન ના હોય, પણ ગુજરાત સમાચાર અને શાંન્તાબહેન માટે તો હોય ને !)

ઇશ્વરભાઇ કહે છે, ''આટલે સુધી તો સૌ આવી પહોંચ્યા છીએ. સવાલ હવે પછીના પગલાંનો છે.'' એ માને છે કે ભારતના બંધારણમાં જીવવાનો અધીકાર આપવામાં આવ્યો છે, તેના અર્થઘટનમાં ઇચ્છામૃત્યુના અધીકારને પણ સામેલ કરવો જોઇએ. મોટા ભાગના દેશોની જેમ ભારતમાં ઇચ્છામૃત્યુને કાનુની માન્યતા નથી. ઇશ્વરભાઇ કહે છે, ''ફક્ત બેલ્જીયમ, નેધરલૅન્ડ, સ્વીત્ઝરલૅન્ડ અને અમેરીકાના એક રાજ્ય ઓરેગોનમાં સ્વેચ્છામૃત્યુની જોગવાઇ છે. લકઝમ્બર્ગમાં એ કાયદો અમલમાં મુક્યા પછી રુઢીચુસ્તોના વીરોધને કારણે પાછો ખેંચી લેવામાં આવ્યો હતો.

''સ્વેચ્છામૃત્યુને મંજુરી આપતો કાયદો નથી, તે વર્તમાન કાયદાને પડકારવો જોઇએ, તેને બદલવો જોઇએ, પણ

કોઇ સંજોગોમાં કાયદો હાથમાં લઇ શકાય નહીં'' એવું ભારપુર્વક ઇશ્વરભાઇ કહે છે. તેમનાં પત્નીની સારવાર કરતા બન્ને ઓન્કોલૉજીસ્ટ, કાયદો પરવાનગી આપે તો, ઇશ્વરભાઇને મદદ કરવા તૈયાર છે. આ બધી હીલચાલ શાંન્તાબહેનથી જરાય છાની કે છુપી નથી. એ બધું જ જાણે છે. પોતાના જીવનનો અંત આણવા માટે રાશ્ટ્રપતીને મોકલવામાં આવેલા આવેદનપત્રથી પણ તે વાકેફ છે. તેમાં ઇશ્વરભાઇએ સ્પશ્ટતા કરી છે કે, ''આ અરજી લાગણીના તણાવથી કે આર્થીક કારણથી કરી નથી. મારા બે પુત્રો, પુત્રી અને ડૉક્ટર જમાઇ બધી રીતે મદદ કરવા તૈયાર છે અને મદદ કરે છે.'' છતાં પત્નીને પીડા વેઠ્યા વીના, ગરીમાપુર્વક વીદાય લેવાનો અધીકાર હોવો જોઇએ એવું તેમને લાગે છે. ફક્ત રાશ્ટ્રપતીને રજુઆત કરીને બેસી રહેવાને બદલે તે સરખા વીચાર ધરાવતા લોકોને સાથે લઇને સ્વેચ્છામૃત્યુ અંગે ઝુંબેશ શરુ કરવા ઇચ્છે છે.

ગાંધીવાદી આગેવાન દ્વારકાદાસ જોશીએ અન્નજળનો ત્યાગ કરીને જીવનલીલા સંકેલી હતી, એ પ્રસંગ તાજો છે. જૈન સાધુઓ સંથારાની વીધી દ્વારા સ્વેચ્છાએ વીદાય લે છે. આ બન્ને પ્રકારોમાં ધાર્મીક કે બીજાં કારણોસર કાયદો આડખીલીરુપ બનતો નથી, પરંતુ બીજા કોઇની મદદથી જીવનનો અંત લાવવાનો અધીકાર વીવાદાસ્પદ બાબત છે, તેના દુરુપયોગની શક્યતા વીશે ઇશ્વરભાઇ કહે છે, ''જે દેશોમાં ઇચ્છામૃત્યુના કાયદા છે ત્યાં કાયદાનો દુરુપયોગ અટકાવવા માટે કડકમાં કડક જોગવાઇઓ છે. એવી તમામ કડક જોગવાઇઓ સાથે પણ સ્વેચ્છામૃત્યુનો કાયદો હોવો જોઇએ એવું મારી પત્નીની અસહ્ય પીડા જોઇને મને લાગે છે.¾

શનીવાર તા. ૩-૧૦ના ગુજરાત સમાચારના ઉપરના અહેવાલને પગલે તે જ દીવસે હીન્દી ચૅનલ *IBN7*ની ટીમ આ દંપતીની મુલાકાત લેવા હાજર થઇ ગઇ હતી.

[રાશ્ટ્રપતીને સંબોધાયેલ પત્ર]

પ્રતી,
માનનીય રાશ્ટ્રપતીજી-ભારત
રાશ્ટ્રપતી ભવન, નવી દીલ્હી.

માનનીય મેડમ,

આપ આપણા રાશ્ટ્રના બંધારણીય વડા હોઇ આપને સામાન્ય મુદ્દે તકલીફ આપવી યોગ્ય નથી. આ અરજીનો હેતુ એક ખુબ જ અગત્યના અને કાનુની મુદ્દે આપનું ધ્યાન દોરવાનો છે.

હું જાણું છું કે દરેક નાગરીક દેશના કાયદાને જાણે છે તેવું સમજી લેવાય છે. તે મને પણ લાગુ પડે છે એ જાણીતું સત્ય છે કે બંધારણની ૨૧ કલમ દરેક નાગરીકને જીંદગીના હક્ક અને વ્યક્તીગત સ્વતંત્રતાની બાંહેધરી આપે છે.

મારાં પત્ની શાંતાબહેન. ઉંમર ૭૫, ફેફસાંના ચોથા તબક્કાના કૅન્સરથી છેલ્લાં ત્રણ વર્શથી ખુબ જ પીડાય છે. ભારતમાં કૅન્સરનું નીદાન ચોથી તીવ્રતાનું થતાં હું એમને અમેરીકામાં ઉત્તમોત્તમ સારવાર માટે લઇ ગયો. અઢાર માસની સારવાર દરમીયાન અને પછી તેમનું દર્દ ઘટ્યું ન હતું, પરંતુ ઉત્તમ સારવાર કાળજી અને કૌટુંબીક સહકાર છતાં તેમના દર્દની વૃદ્ધી ધીમી હતી. દર્દના નીદાન અને સારવાર પછી તેણી હાલ અસહ્ય દર્દ સહન કરી રહી છે અને શરીરના જમણા ભાગે તથા અન્ય અંગો આડઅસરોથી તેણીની જીંદગી ખુબ જ દુ:ખદાયક બની છે. ફેફસાંના અસરગ્રસ્ત ભાગને ઑપરેશનથી કાઢી નાખવું શક્ય નથી તેવું અમારા કૅન્સર નીશ્ણાત ડૉક્ટરનું માનવું છે. ફક્ત દવા અને અન્ય સારવારથી જ ઇલાજની સલાહ આપી છે. તેણીએ સારવાર દરમીયાન માથાના વાળ ગુમાવેલ છે, ભુખ લાગતી નહોતી અને લાગતી પણ નથી. ચાલવાનું અશક્ય હતું અને છે. દવાની આડઅસરને કારણે ઝાડા, ઉબકા, ઉલટી, જીભ પર તીરાડ અને ઉઝરડા, મોંઢામાં ચાંદા અને વજનમાં ખુબ જ ત્વરીત ઘટાડો. ચામડીનું સુકાવું, ફોતરીઓના કારણે બળતરા. આ બધું થતું જે હજુ ચાલુ છે.

આમ તેણી ભયંકર રીબામણીમાં જીવી રહી છે, છેવટે તેણીની સ્થીતી સ્થીર હતી. નવી દવા કે અન્ય નવી સારવારની સલાહની ના મળતાં હું તેણીને ભારત પાછી લઇ આવ્યો. અહીં મારી પત્ની બે કૅન્સર નીશ્ણાતોની સેવા હેઠળ છે. ઘરમાં હરવા-ફરવા તેણીને અન્યની મદદની જરુર પડે છે. ટોઇલેટ માંડમાંડ જાતે જાય છે. સામાન્ય દૈનીક કામ માટે તેણીને અન્યની મદદની જરુર પડે છે. એ દુ:ખદ વાત છે કે કૅન્સર તેના લીવરમાં પ્રસર્યું છે. હવે તેને સતત અને જલદ (Pain) દર્દ હોજરીમાં થાય છે. શરીરના જમણા ભાગે ખુબ દર્દ થાય છે. અવારનવાર ઉબકાથી તેનું દર્દ વળી વધે છે. દવા હવે ફક્ત તેના

૧૦, મહાદેવનગર સોસાયટી,
૪૦૩, પ્રવેશ એપાર્ટમેન્ટ,
નારણપુરા, અમદાવાદ-૧૪.
તા. ૨૪-૯-૦૯

દુ:ખાવાને કાબુમાં રાખવા પુરતી જ છે. નારકોટીક અને અફીણયુક્ત ગોળીઓ અને ઇન્જેક્શન જે પણ દીવસમાં એક વખત અપાતું તે હવે ત્રણ-ચાર વખત આપવું પડે છે. આ બધી દવાઓની માઠી આડઅસરથી કબજીયાત અને ઉબકા થાય છે. અવારનવાર બેઠા થવાથી તેનું દર્દ અસહ્ય બને છે. ઉભા થાય તો પડી જવાનો ભય છે. સતત અને અસહ્ય દર્દના કારણે તે ઘણી વખત આંખમાં આંસુ સાથે બાળકની જેમ રડે છે. હવે તો તે તેના ભગવાનને તેમની પાસે બોલાવી લેવા પ્રાર્થના કરે છે.

હું, બીજા મુલાકાતીઓ અને કુટુંબના સભ્યો તેના દર્દને જોઇને તેને જલદીમાં જલદી મૃત્યુ આવે તેમ ઇચ્છીએ છીએ. નજીકના ભવીશ્યમાં તેણી ખાટલાવશ થશે, બધું જ તેણે ખાટલામાં કરવું પડશે જે તેના દુ:ખ-દર્દમાં વધારો જ કરશે. ડૉક્ટરોએ અમને ચેતવ્યા છે. ગમે તે ગમે ત્યારે અથવા થોડા અઠવાડીયામાં બની શકે છે.

તેણીની શારીરીક અને માનસીક પરીસ્થીતી, દુ:ખ અને દર્દને સમજતાં દવા સારવારથી જીંદગી લંબાવવી હવે યોગ્ય નથી લાગતું.

આથી **આ અરજી મને ડૉક્ટરની મદદથી તેમની જીંદગીના અંત લાવવાની મંજુરી મળે તે માટે છે.** જેથી તેણીને સજા એ તીવ્ર દર્દથી મુક્તી મળે. હું જાણું છું કે ભારતમાં એવો કોઇ કાયદો નથી કે જે કોઇને કોઇની જીંદગીનો અતં લાવવા મંજુરી આપે.

નમ્રપણે હું આપના ધ્યાનમાં લાવું કે આ અરજી કોઇ લાગણીઓના તણાવથી કે આર્થીક કારણથી નથી કરી. આપને જણાવું કે તેણીની સારવાર માટે ૨૪ કલાક જરુરી પરીચારીકા રાખી છે. મારે બે પુત્રો, એક પુત્રી અને ડૉક્ટર જમાઇ છે જે બધા બધી રીતે મદદ કરવા તૈયાર છે, મદદ કરે પણ છે.

જીંદગીના જીવવાના હક્ક સાથે મૃત્યુના હક્ક પણ મળે છે, તે બંધારણની કલમના અર્થઘટનનો મુદ્દો છે. કોઇ પણ દવા તેની જીંદગી લંબાવી શકતી નથી, કોઇ દવા તેના દર્દને મટાડી શકે તેમ નથી. કોઇ પણ રીતે તેને રાહત રહે તેવી દવા નથી તેથી હવે મને તેની જીંદગીનો અંત લાવવા સીવાય કોઇ વીક્લ્પ દેખાતો નથી. **જો કાયદો મંજુરી આપે તો અમુક ડૉક્ટરો મને મારી પત્નીના જીવનનો અંત લાવવા બાબતે મદદ કરવા તૈયાર છે.**

હું સમજી શકું છું કે આ એક ખાસમાં ખાસ મુદ્દો છે. એ તેના હીતમાં છે કે તેના શીરીરીક અને માનસીક તકલીફોમાંથી છુટકારો મળે. **આપને વીનંતી કરું છું કે ઇચ્છામૃત્યુની મંજુરી આપી જીંદગીનો અંત લાવવાની આ માગણીનો સ્વીકાર થાય.** જીંદગીના છેલ્લા તબક્કામાં સૌથી ખરાબ પરીસ્થીતીમાંથી તે પસાર થઇ રહી છે. કોઇ પણ જાતની તકલીફ કે દર્દ સીવાય તેની જીંદગીનો અંત આવે તે જ યોગ્ય છે.

કાનુનના હીતમાં આ અરજીનો સ્વીકાર કરવા વીનંતી છે. **જો મંજુરી મળશે તો જે કંઇ કરવામાં આવશે તે મારી પત્નીની સંપુર્ણ મંજુરીથી સાક્ષીઓની હાજરીમાં કરવામાં આવશે.**

એજ આપનો,

- ઇશ્વરભાઇ શીવાભાઇ પટેલ

તા. ૯-૧૦-૦૯ની સાંજે ગાંધી આશ્રમમાં બુદ્ધજીવીઓની મળનારી સભામાં રજુઆત કરવા જયંતી પટેલે ઇશ્વરભાઇને આમંત્રણ આપ્યું હતું, જ્યાં ઇશ્વરભાઇએ રજુઆત કરી હતી કે આ વીશય કેવળ ચર્ચાવીચારણાનો ન હોતાં સક્રીય થવાનો છે. આમ ઇશ્વરભાઇની નીશ્ઠા રંગ લાવી રહી લાગે છે.

તો મુંબઇના એક વયસ્થ વાચક પણ કાયદામંત્રીને અપીલ કરે છે, જુઓ....

ઇચ્છામૃત્યુને કાયદેસરતા આપવા 'વીવેકપંથી'ના એક વયોવૃદ્ધ વાચક ભોગીભાઇ બોસમીયાનો કાયદાપ્રધાન જોગ ખુલ્લો પત્ર

એ જાગૃત વાચકે પત્ર સાથે જોડેલ તા. ૨૦-૭-૦૯ના દીવ્ય ભાસ્કરનો દીપક સોલીયાનો મનનીય લેખ આપણે પ્રથમ જોઇએ.

ટંગથી મરવાની છુટ

એક તરફ વાત રોમેન્ટીક લાગે તેવી છે. લંડનમાં રહેતા વૃદ્ધ સર એડવર્ડ ડાઉન્સ આમ તો કડેધડે હતા. એ વીખ્યાત ઑર્કેસ્ટ્રા કંડકટર હતા. ઉંમરમાં જ નહીં, સમાજમાં પણ મોટા માણસ હતા (એટલે જ તો નામ આગળ 'સર' લગાવાયેલું). ૮૫ની ઉમરે એમને આંખે ઓછું દેખાવાની અને કાને ઓછું સંભળાવાની ટીપીકલ ઉંમરસહજ સમસ્યાઓ હતી. એ સીવાય કોઇ

મોટી બીમારી એમને નહોતી, પરંતુ એમની ૭૪ વર્ષની પત્ની જોઆનનું કેન્સર બહુ વકરી ચુક્યું હતું. પત્નીની જીંદગી પુરી થવા આવી હતી. આવામાં, બ્રીટનમાં ઝેરી ઇન્જેક્શન આપીને માણસને શાંતીથી મરવાની 'સુવીધા' ન હોવાથી પતી-પત્ની ગયાં સ્વીત્ઝરલેન્ડ અને ત્યાં ઢંગથી મરવાની સુવીધા આપતી ડીગ્નીટીઝ સંસ્થાની એમણે મદદ લીધી. એકલી પત્નીએ જ નહીં, સાજાનરવા પતીએ પણ ૫૪ વર્શના સુંદર લગ્નજીવન બાદ પત્નીની હારોહાર ગઇ દસમી જુલાઇએ જીવન પુરુ કર્યું. આ વૃદ્ધ કપલને લૈલા-મજનુ કે રોમીયો-જુલીયેટ નહીં ગણવામાં આવે. છતાં, કોઇ પતી તેની પત્નીની પાછળ નહીં, પત્નીની હારોહાર સતો થાય એવો પ્રેમ, એવો સંગાથ ઘરે ઘરે નથી જોવા મળતો.

આ થયું રોમેન્ટીક પાસું. હવે બીજા છેડેથી જોઇએ. ૮૫ની ઉંમરે આંખ-કાને દગો દેવાનું શરુ કરી દીધા પછી એકલું-ઓશીયાળું જીવન જીવવાને બદલે સાજાનરવા મૃત્યુને ભેટવાનો નીર્ણય સર એડવર્ડે લીધો. આમ પણ જીવનમાં હવે કશું કરવાનું રહેતું નથી... હવે ફક્ત અશક્તી-બીમારી-મૃત્યુની જ રાહ જોવાની છે... આવી સ્થીતીમાં સર એડવર્ડ પોતાના જીવનની વાર્તા કંટાળાજનક બની રહે એ પહેલાં જ પુરી કરી નાખવાનો નીર્ણય લે તો એ નીર્ણય કેવો ગણાય ? ઉપર નોંધ્યું તે પ્રમાણે રોમેન્ટીક ? સર એડવર્ડના મૅનેજર જોનાથન કહે છે એ પ્રમાણે બહાદુરીભર્યો ? આપઘાતને પાપ ગણાવનાર કોઇ ધર્મગુરુ જેને વખોડી કાઢે એવો કાયરતાપુર્ણ ? કે સર એડવર્ડનો દીકરો કેરેક્ટેક્સ કહે છે એ મુજબ એકદમ પ્રૅક્ટીકલ ? તમે શું કહો છો ?

આ ગુંચવણ ઉકેલતાં પહેલાં જે વાત મનમાં એકદમ દીવા જેવી સ્પશ્ટ છે તે કહી દઉં. તે ફક્ત એટલી જ છે કે છેવટની બીમારી વેઠી રહેલી કોઇ વૃદ્ધ વ્યક્તીએ જીવનના બાકીના દીવસો દરમીયાન માત્ર હૉસ્પીટલની દીવાલો જ જોવાની હોય, બીજા પર બોજ બનવાનો ત્રાસ જ વેઠવાનો હોય, પરીવારની રહીસહી બચત પોતાની પાછળ નીચોવાઇ રહી છે એ વાતે અપરાધબોધથી પીડાવાનું જ હોય, શારીરીક વેદનાઓ જ વેઠવાની હોય, હતાશાની નાગચુડમાં ભીંસાવાનું જ હોય... તો એને હક્ક છે એવી માગણી કરવાનો કે નથી વેઠવું મારે આ બધું. મને સારી રીતે મરવાની સગવડ આપો. આવી માગણી સંતોશવી એ કોઇ પણ સરકારની પવીત્ર ફરજ ગણાવી જોઇએ. જન્મ વખતે ઓછામાં ઓછી પીડા અને ઓછામાં ઓછો વીલંબ થાય તેનું ધ્યાન હોંશેહોંશે રાખવામાં આવે છે. તો પછી મૃત્યુમાં પણ ઓછી પીડા અને ઓછો વીલંબ થાય એ માટે કોઇ સગવડ શા માટે ન હોવી જોઇએ ? વીજ્ઞાનની મદદથી માણસજાત જીંદગીની લંબાઇ વધારી શકે છે તો પછી યોગ્ય સમયે, યોગ્ય કારણસર જીવન ટુંકાવવામાં એ જ વીજ્ઞાનની મદદ શા માટે ન લેવી ?

હા, કોઇ માણસ વટથી એમ કહે કે ભલે ગમે તેટલી પીડા વેઠવી પડે, મારે જાતે નથી મરવું, હું કુદરતે આપેલું જીવન કુદરતી રીતે જ પુરુ થવા દઇશ... તો ફાઇન. એને તો હક્ક છે જ જીવવાનો. પણ કોઇ વ્યક્તી અંતીમ બીમારીથી થાકીહારીને મોત માગે, તો તેને મરવાનો હક કેમ નહીં ? એ માણસને ઢીલો કે પલાયનવાદી કે પાપી કે કાયદાની દ્રશ્ટીએ અપરાધી ગણવો જોઇએ ખરો ? એક માણસ નથી જ લડી શકતો, તો ઠીક છે, એને પરાણે મોત સામેના જંગમાં શા માટે ધકેલવો ? એને એ પણ પાછલી ઉંમરે ? ના. આવી વ્યક્તીને જાતે નક્કી કરીને શાંતીપુર્વક, પુરી સગવડ સાથે વીદાય લેવાની છુટ હોવી જ જોઇએ. એટલું જ નહીં, આવી રીતે મૃત્યુ મેળવનાર વ્યક્તીની કે તેનાં સગાંવહાલાંની ટીકા કરવી એ પણ લાંછનરુપ ગણાવું જોઇએ. જીવન ગૌરવપુર્ણ હોય તેની આપણે બહુ ચીંતા કરીએ છીએ, તો મૃત્યુ કમસેકમ ગરીમાપુર્ણ હોય એવા આગ્રહમાં ખોટું શું છે ? ટુંકમાં, અંતીમ બીમારી સામે હારી જઇને શાંત મોતની સગવડ માગનાર વ્યક્તી પાપી નથી, પાપી એ સમાજ છે જે આવી સગવડ નથી આપતો, નથી આપી શકતો કે આપવાનું વીચારતો પણ નથી. અહીં સુધી વાત સ્પશ્ટ છે. મતલબ કે કેન્સરના અંતીમ તબક્કે પહોંચેલા મીસીસ એડવર્ડે ઘાતક ઇન્જેક્શન દ્વારા સગવડપુર્ણ, ઝડપી, શાંત મોત પસંદ કર્યું એ તો સ્વીકાર્ય હોવું જ જોઇએ. સવાલ, મીસ્ટર એડવર્ડનો છે. એ માંદા નહોતા એ વાતને એમનો 'વાંક' ગણી શકાય ખરો ? જરા કલ્પના કરો, એ વૃદ્ધ કપલ લંડનના ઘરને છેલ્લીવાર તાળું મારીને નીકળ્યું હશે. લંડનથી ઝ્યુરીક સુધીની યાત્રામાં મૃત્યુ પહેલાંના એ કલાકોમાં, એમણે કેવી કેવી લાગણી અનુભવી હશે ! રસ્તામાં બન્નેએ કારણ વગર અચાનક એકમેકના હાથ પકડ્યા હશે, છેવટે ઝ્યુરીકની ક્લીનીકમાં બીમાર પત્નીને મોતનું ઇન્જેક્શન અપાય એ પહેલાં શક્ય છે કે પતીએ કહ્યું હોય કે, 'ગભરાઇશ નહીં, હું તારી સાથે જ છું. આપણે સાથે જ મરીશું અને કદાચ આપણા આત્મા શરીરથી મુક્ત થયા પછી તરત એકમેકને મળી શકશે. તું જરાય ચીંતા ન કરીશ. હું છું ને ? આપણે

સાથે જ છીએ, હંમેશાં...' ટુંકમાં એડવર્ડ પતી-પત્ની છેવટ સુધી સાથે રહ્યાં અને પતી એડવર્ડ ૮૫ વર્શની પુરતી કહી શકાય એટલી જીંદગીનું સુખ માણ્યા પછી વધુ આકરા-એકલવાયા બુઢાપાના દુ:ખમાંથી છટકી ગયા. તો શું એને પલાયનવૃત્તી કહીશું ? ખેર, આપઘાત કરતી વ્યક્તી જીવનથી પલાયન થતી હોય તો પણ સામે મગરની જેમ ડાચું ફાડીને ઉભેલા મોતના મુખમાં ઘુસતી હોય છે. આ પગલાને કાયરતાપુર્ણ ગણવું કે હીંમત ભરેલું એ તો જેવી જેની દશ્ટી ને દલીલ. પણ, લાંબા વીવરણને બદલે ફક્ત એક જ શબ્દમાં સર એડવર્ડના નીર્ણયને વર્ણવવો હોય તો તમે શું કહેશો ? હું કહીશ : સુંદર. ¾

ઉપરના લેખમાં લખ્યા મુજબ ઇચ્છામૃત્યુ મેળવવા માટે વ્યક્તીએ લંડનથી સ્વીટ્ઝરલૅન્ડ જ જવું પડ્યું છે. કારણ કે દુનીયામાં સ્વીટ્ઝરલૅન્ડ જ એવો દેશ છે જેમાં ઇચ્છામૃત્યુને કાયદાનું આરક્ષણ છે.

વધુમાં ઉક્ત લેખમાં ધ્યાનાકર્શક વાત એ છે કે કીડની, લીવર, ફેફસાં, આંખો વગેરે અંગોની ખામીવાળા માટે તેવાં અંગોની તાતી જરુર છે, પરંતુ તે પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ નથી.

કાયદાપંચે તો જણાવ્યુ પણ છે જ કે માનવીય સ્વતંત્રતાની દીશામાં હકારાત્મક ભુમીકા નીભાવવાની છે તે સંજોગોમાં આ મુદ્દે કાયદાનું મૌન યોગ્ય ના કહી શકાય.

ઇચ્છામૃત્યુને કાયદેસરતા આપવા માટે આપણે આઝાદ થયા ત્યારથી આંદોલન ચાલુ છે. ૬૦ના દાયકામાં વડાપ્રધાન જવાહરલાલ નહેરુના શાસકાળમાં પણ એક સમાજસેવી સંસ્થા એ વીશી ખુબ સક્રીય હતી, જેના સક્રીય કાર્યકર મીનુ મસાણીના પ્રયત્નો પણ નીશ્ફળ ગયા છે.

થોડા મહીના પહેલાં વીશ્વ કીડની દીવસે વાંચ્યું હતું કે કીડની મેળવવા માટેની પ્રતીક્ષા યાદી ખુબ લાંબી છે, જેની સામે ઉપલબ્ધી જુજ છે. ફક્ત પાંચ ટકા લોકોને જ કીડની મળી શકે છે. આવું જ લીવર, ફેફસાં વગેરે બાબતમાં પણ ખરું જ.

ઉપરની બધી સમસ્યાઓને લક્ષમાં લઇને હું મારા ઇચ્છામૃત્યુ/દયામૃત્યુને કાયદાકીય આરક્ષણ આપવા નમ્ર નીવેદન કરું છું.

મારી શારીરીક અવસ્થા નીચે મુજબ છે.

મારી ઉંમર છે ૭૭ વર્શ. સોળ વર્શ પહેલાં હું લકવાગ્રસ્ત થયો હતો. ૬ માસમાં દવા અને સારવારથી હરતોફરતો થઇ જતાં ૯ વર્શ સુધી સામાન્ય જીંદગી જીવ્યો. (એકલો બહારગામ પણ જતો) નોકરીઓ પણ કરી, પરંતુ ત્યારબાદ ફરી લકવાગ્રસ્ત થતાં છેલ્લા સાત વર્શથી વૉકર સીવાય હલનચલન કરી શકતો નથી અને ફ્લૅટની બહાર નીકળવાનું બીલકુલ બંધ થઇ ગયું છે.

હાલમાં હું જુદા જુદા ૧૦ જાતના અસાધ્ય રોગોથી પીડાઉં છું, જેમાંથી ૩-૪ દર્દો ઉપર દવાથી કાબુ મેળવી શક્યો છું. બાકીના રોગો ભોગવવા પડે છે.

આ સંજોગોમાં જો ઇચ્છમૃત્યુ કાયદેસર મળતું હોય તો હું સહર્શ સ્વીકારી લેવા તૈયાર છું. આને માટે હું સ્વીટઝરલૅન્ડ પહોંચી શકું એમ નથી અને કદાચ પહોંચી પણ શકું તો તેથી મારું શરીર મારા દેશવાસીઓને ઉપયોગમાં આવી શકે નહીં. આથી મારું સુચન છે કે ઇચ્છામૃત્યુને શરતી કાયદેસરતા મળવી જ જોઇએ, જેથી મારા અંગો થકી આઠેક દેશવાસીઓને વધુ જીવવાની સુવીધા મળી શકે.

મેં મારું દેહદાન તો કરેલું જ છે, પણ રીબાઇ રીબાઇને કુદરતી મૃત્યુએ મરીશ તો મેડીકલ કૉલેજમાં મારાં માત્ર શબ તથા ચક્ષુ જ ઉપયોગમાં આવશે. તેને બદલે જો ઇચ્છામૃત્યુથી સમયસર સ્વસ્થપણે મરીશ તો મારા બીજા બીજા અવયવો પણ સમાજને કામ લાગશે.

અંતમાં મારા જેવા કેસમાં તો ઇચ્છામૃત્યુની શરતી મંજુરી મળવી જ જોઇએ તેવો મારો અનુભવ છે.

- **ભોગીલાલ એચ. બોસમીયા** B.Sc.
૧૨, ચંદનવીલા, પ્લૉટ નં. ૪૧, જવાહરનગર
રોડ નં. ૬, ગોરેગામ (પ.), મુંબઇ-૬૨.

દેહદાન માટે

માણસના જીવનનો હેતુ પોતે સુખી થઇ અન્યને સુખી કરવાનો છે.

પ્રશ્ન એ છે કે મૃત્યુ પછી શું ?

મૃત્યુ એ એક અનીવાર્ય ઘટના છે.

મૃત્યુ ટાણે પણ માણસે માનવતાનો વીચાર કરવા જેવો, સાચા અને સારા અર્થમાં અમલમાં મુકવા જેવો છે.

યાદ રહે, આજના તબીબી વીદ્યાર્થીઓ આપણા દેહદાનમાંથી અધ્યયન કરી આવતીકાલના આપણા સમાજના કુશળ તબીબો બની શકે છે. જેમની સેવાનો લાભ ભવીશ્યમાં આપણને સૌને પ્રાપ્ત થવાનો છે.

બીમારીના અંતીમ તબક્કે પણ સભાન દર્દી દેહદાનનો નીર્ણય કરી શકે છે.

મૃત્યુ બીમારીના કુદરતી ક્રમે થયું હોય તો જ દેહદાન થઇ શકે છે. દેહદાન થકી અમુલ્ય અંગોનો ઉચીત માર્ગે

ઉપયોગ આવકારપાત્ર બને. મૃત્યુ વેળા માનવીય અભીગમ એટલે ઓલવાઇ જતી મીણબત્તીનું ઓલવાતાં ઓલવાતાં એક દીપકને જ્યોતીર્મય બનાવી જવું.

આપણે વસીયતનામાથી આપણા દેહનું દાન કરતા જઇએ. મૃત્યુના સમયે માનવતા દાખવી માણસ કોઇકના જીવનને વધારે સુખમય બનાવી શકે છે.

મૃત્યુ વખતે જો બુદ્ધીપુર્વક અને માનવતાવાદી દૃશ્ટીકોણ દાખવવામાં આવશે તો મરણ પછી પણ લાંબુ જીવી શકાશે.

મુંબઇની બહાર દેહદાન નજીકની હૉસ્પીટલમાં અથવા સ્થાનીક મોટી સરકારમાન્ય હૉસ્પીટલમાં જ થઇ શકે છે. અન્ય શહેરની હદની બહારથી મૃતદેહ દાન માટે લાવવાનો હોય તો જે વીસ્તારમાં મૃત્યુ થયું હોય તે વીસ્તારના પોલીસ સ્ટેશનનું સર્ટીફીકેટ સાથે રાખવું જરુરી હોય છે. મૃત્યુ થયા પછી મેડીકલ કૉલેજમાં મૃતદેહ વહેલી તકે લાવવો જરુરી છે. શક્ય હોય તો મેડીકલ કૉલેજના એનેટોમી વીભાગના વડાને રુબરુ અથવા ફોન દ્વારા જાણ કરવી.

એનેટોમી વીભાગ, મેડીકલ કૉલેજનો સમય સવારે ૧૦થી ૪, શનીવારે ૧૦થી ૧ સુધીનો હોય છે. સાંજે અથવા રાત્રે મૃત્યુ થાય તો બીજા દીવસે સવારના ૧૦ વાગે લાવી શકાય.

શનીવાર બપોર પછી, રવીવારે અથવા રજાના દીવસે મૃતદેહ મોરચુરીના કોલ્ડ સ્ટોરેજમાં જમા કરાવવો પડે છે.

વીશેશ માહીતી માટે સંપર્ક : **ડૉ. ચેતન પટેલ.**
સુરત મેડીકલ કૉલેજ, એનેટોમી વીભાગ.
મો. ૦૯૮૨૫૬૪૯૫૪૮.
પ્રેશક : **ડૉ. અશ્વીન શાહ**-ખારેલ, (નવસારી)
ફોન : ૦૨૬૩૪-૨૪૬૨૪૮, ૨૪૬૩૬૨.

અતુલ કુલકર્ણી મરાઠી ફીલ્મ 'સુખાંત'માં કામ કરી રહ્યા છે, જેમાં ઇચ્છામૃત્યુ (મર્સી કીલીંગ)ની વાત છે. અર્થાત્ અસાધ્ય બીમારીથી પીડાતી વ્યક્તી જાતે મોતનો નીર્ણય લઇ શકે છે અને એમાં તબીબો એની મદદ કરી શકે છે.

(પણ) જીવનના રક્ષણને ધર્મ માનનારી વ્યક્તી જીવન કઇ રીતે લઇ શકે ?! અસાધ્ય રોગની અસહ્ય પીડાથી બચવા કોઇ પણ મનુશ્ય મૃત્યુને પસંદ કરી શકે છે, પણ આ કામમાં ડૉક્ટરને ભાગીદાર ન બનાવી શકાય. કાયદો તો આત્મહત્યાના પ્રયાસને પણ સજાપાત્ર ગુનો ગણે છે.

કબીર પારખ સંસ્થાન-અલ્હાબાદની અભીલાશ દાસ લીખીત હીન્દી લઘુ પુસ્તીકા 'કૃશ્ણ અને ગીતા'નો ગુજરાતી અનુવાદ મીત્‌ભાશી વીચક્ષણ વીદ્વાન બાબુભાઇ વાઘાણીએ કર્યો છે.

મને તા. ૧૪મીએ સુરતની મુલાકાત વખતે એ અનુવાદ એમણે ભેટ આપ્યો ત્યારે નવાઇ લાગી હતી, પણ વાચ્યો ત્યારે ભેટ આપનારનો ઉદ્દેશ સમજાયો. સાથે સાથે એ પણ સમજાયું કે જો નામ વાંચીને જ પુસ્તીકાનો અસ્વીકાર કર્યો હોત તો મને કેટલું નુકસાન થાત !

વાંચી જતાં જ બાબુભાઇનો ઉદ્દેશ સમજાયો. કદાચ વગર બોલ્યે જ તેઓ કહેવા માગે છે કે ધર્મ અને ભગવાનના નામની પણ આભડછેટ રાખવાના બદલે જો તટસ્થ અભ્યાસ દૃશ્ટી કેળવીએ તો કેવાં કેવાં રહસ્યો ઉજાગર થાય ! જોકે તટસ્થતા સહેલી કે સોંઘી તો નથી જ.

ભક્ત નહીં, પણ ચીંતકની આંખે નીચે આપેલો પુસ્તીકાનો નાનો ભાગ વાંચશે તે જરુર નવો પ્રકાશ પામશે. **-તંત્રી**

આ ધર્મરાજ ! આ ધર્મરાજા ?

સ્વયં કૃશ્ણે અર્જુનને યોગીઓ, સ્થીતપ્રજ્ઞો અને ભક્તોનાં લક્ષણો સવીસ્તર સમજાવ્યા બાદ અને દ્વેશમુક્ત થવાનો પણ ઉપદેશ દીધા પછી શું ઘોર રક્તપાત કરાવવા માટે પ્રેરણા દેવાની જરુર છે ? યુદ્ધ ન કરવું કાયરતા હતી તો શું યુદ્ધ કરવું વીરતા થઇ ગઇ ? શું ગુરુજનો-પરીવારજનોનો વધ કરીને ભારતનું મંગળ થઇ ગયું ? તો પણ ગીતાના મોટાભાગના વ્યાખ્યાતાઓ આ જ કહે છે કે ભગવાન કૃશ્ણએ અર્જુનનો મોહભંગ કરીને તેને યુદ્ધમાં ઉભો કરી દીધો, ઘણું ઉત્તમ કાર્ય કર્યું. ગીતાલેખકે યુદ્ધની પ્રેરણા કૃશ્ણના મુખે કહેવડાવી છે, એટલા માટે એનો વીરોધ કરવો એ નાસ્તીકતા કહેવાય. તમારે-તમારી ખોટી વાત પણ જો સંસારમાં મનાવવી હોય તો કોઇ કહેવાતા અવતાર કે પયંગબરના મુખેથી કહેવડાવી દો. પછી તે સહજ જનમાનસમાં માન્ય થઇ જશે અને તેનો વીરોધ કોઇ કરી શકશે નહીં.

ગીતાકારે એ જ કહ્યું, ''યુદ્ધ ન કરવાથી અર્જુનનું અપમાન થશે. તેમને લોકો નીચી દૃશ્ટીથી જોશે'' ક્રોધ આવવાથી આ ભાવના જાગે છે. જો આપણને કોઇ ગાળ દે તો આપણે આપણા છીછરા વીચારથી એવું માનીએ છીએ કે આપણે જો ઉત્તર રુપે ગાળ કે માર

નહીં મારીએ તો આપણને લોકો નાના માનશે; પરંતુ શું ક્ષમા કરવાવાળો મોટો નથી ગણાતો ? ત્યાગ અને અહીંસાનું ફળ શું ઉંચું નથી હોતું ?

ભારત પર કોઇ વીદેશી આક્રમણ તો થતું નહોતું કે ના ભારતની સંસ્કૃતી સભ્યતા અને ધર્મ નશ્ટ થઇ રહ્યા હતા. આ તો એક ઘરેલું ઝઘડો હતો. દુર્યોધન ફક્ત પાંડવો સાથે ઇર્શા રાખતો હતો. પ્રજાનું પાલન ભારતીય સંસ્કૃતી-સભ્યતા, સ્વતંત્રતા અને ધર્મની રક્ષા તો કરતો જ હતો તે જોઇ શકાય છે. ધૃતરાશ્ટ્ર વનમાં જવાના હતા તે સમયે પ્રજાના સંયુક્ત નીવેદનમાં દુર્યોધનની રાજ્ય વ્યવસ્થાની ખુબ જ સારી પ્રશંસા કરવામાં આવી હતી.

દ્રુપદની સભામાં લક્ષવેધ કરીને અર્જુને દ્રૌપદીને લાવીને માતા કુંતીને કહ્યું, ''મા અમે ભીક્ષા લાવ્યા છીએ.'' કુંતી જોયા વગર જ ઘરની અંદરથી કહી દે છે. ભીક્ષા લાવ્યા છો તો બધા ભાઇઓ મળીને વાપરો (વહેંચો). દ્રૌપદીને જોઇને કુંતીએ ચીંતીત થઇને કહ્યું, ''હાય ! મારા મુખેથી મોટી અનુચીત વાત નીકળી ગઇ.''

તર્ક આપવામાં આવે છે કે કુંતી માતાનું વેણ રાખવા માટે પાંચેય પાંડવોએ દ્રૌપદી સાથે લગ્ન કર્યાં. પરંતુ જ્યારે કુંતીને હકીકતનો ખ્યાલ આવે છે ત્યારે તેમણે પોતાની કહેલ વાતને અનુચીત કહી નાખી હતી. તે સીવાય ખોટી વાત કોઇની પણ કેમ ન હોય, ન માનવી જોઇએ. જો મા-બાપની ખોટી વાતોને પણ માની લેવી જોઇએ તો પછી પ્રહલાદ અને ભરતની શું દશા હશે ? પ્રહલાદે પીતા હીરણ્યકશ્યપુની તથા ભરતે માતા કૈકેયીની વાત માની ન હતી.

ખરેખર તો દ્રૌપદીને જોઇને પાંચેય પાંડવ મોહી પડ્યા હતા. ધર્મરાજ યુધીશ્ઠીરે જ્યારે જોયું કે ફક્ત મારો દાવ નહીં લાગે ત્યારે દ્રૌપદીના પાંચેય પાંડવોની સાથે લગ્ન થશે એવો એમણે નીર્ણય આપ્યો. દ્રૌપદીને જોઇને પાંડવોની દશા શું થઇ ? તેનું ટુંકમાં દીગ્દર્શન આ પ્રકારે છે.

''યશસ્વીની કૃશ્ણા તેમને બધાને જોઇ રહી હતી ત્યાં બેઠેલા પાંડવોએ દ્રૌપદીને જોઇને અંદરો-અંદર પણ એકબીજા પર દ્રશ્ટીપાત કર્યો એ બધાએ પોતાના હ્રદયમાં દ્રુપદ રાજકુમારીને વસાવી દીધી. દ્રુપદ કુમારી પર દ્રશ્ટી પડતાં જ તે બધા તેજસ્વી પાંડુપુત્રોની સંપુર્ણ ઇન્દ્રીયો ઉત્તેજીત થઇને કામાતુર થઇ ગયા.''

''દ્રૌપદીને કારણે આપણે બધા ભાઇઓમાં ફુટ ન પડી જાય, એ ભયથી રાજાએ પોતાના બધા ભાઇઓને કહ્યું -કલ્યાણમયી દ્રૌપદી આપણે બધા (પાંચેય) ભાઇઓની પત્ની રહેશે.''

તે સમયે પોતાના મોટા ભાઇઓનું આ વચન સાંભળી ઉદાર હ્રદયવાળા બધા જ પાંડવો મનમાંને મનમાં જ તેમનું ધ્યાન કરતાં કરતાં ચુપ બેસી રહ્યા.

રાજા દ્રુપદે રાજા યુધીશ્ઠીરને કહ્યું-આ કુરુકુળને આનંદીત કરવાવાળા મહાબાહુ અર્જુન આજના પુણ્ય દીવસે મારી પુત્રીનું વીધીપુર્વક પાણીગ્રહણ કરે અને મંગલ આચરણનું પાલન કરવાનું શરુ કરે ત્યારે ધર્માત્મા રાજા યુધીશ્ઠીરે કહ્યું-રાજન વીવાહ તો મારાં પણ કરવાના રહેશે.

દ્રુપદ બોલ્યા-વીર ! ત્યારે તમે જ વીધીપુર્વક મારી પુત્રીનું પાણીગ્રહણ કરો અથવા તમારા ભાઇઓમાંથી જેની સાથે ઇચ્છો તેની સાથે કૃશ્ણાને વીવાહની આજ્ઞા આપી દો.

યુધીશ્ઠીરે કહ્યું-રાજન ! દ્રૌપદી તો અમો બધા ભાઇઓની પટરાણી બનશે.

દ્રુપદે કહ્યું-''કુરુનંદન ! એક રાજાની ઘણી જ રાણીઓ (અથવા એક પુરુશની ઘણી જ સ્ત્રીઓ) હોય એવું વીધાન તો વેદોમાં જોયું છે, પરંતુ એક સ્ત્રીના અનેક પુરુશ હોય એવું ક્યાંય સાંભળવામાં આવ્યું નથી. શ્રુતીવચન છે, 'એકસ્ય બંહ્વયો જાયા ભવન્તી, નૈકસ્યૈ બહવ: સહપતય:। અર્થાત્ એક પુરુશની ઘણી બધી પત્નીઓ હોય છે, પરંતુ એક સ્ત્રીને ઘણા બધા પતી નથી હોતા.''

યુધીશ્ઠીરે કહ્યું, -મહારાજ ! ધર્મનું સ્વરુપ ઘણું જ બારીક (સુક્ષ્મ) છે. આપણે તેની ગતીને નથી જાણતા. પુર્વકાળના પ્રચેતા વગેરે જે રસ્તેથી ગયા છે તેનું જ અમે લોકો ક્રમશ: અનુસરણ કરીએ છીએ. મારી વાણી કયારેય ખોટું ન બોલે અને બુદ્ધી પણ અધર્મ માને નહીં. મારી માતાની પણ આ જ આજ્ઞા છે. તેથી બરાબર છે.

વ્યાસ, ધૃશ્ટદ્યુમ્ન, દ્રુપદ વગેરે આ અધર્મમય વીવાહને લોકો વેદ-વીરુદ્ધ બતાવીને (કહીને) રોકતા રહ્યા, પરંતુ યુધીશ્ઠીર પોતાને ધર્માત્મા હોવાની ખોટી દોહાઇ દઇને સમર્થનમાં રહ્યા અને છેલ્લે દ્રૌપદીને પાંચ પતીવાળી બનાવીને રહ્યા.

કોઇ જુગાર રમે અને પછી જુગારમાં પોતાનું ધન, જમીન, ભાઇઓ અને પોતાને પણ દાવ પર લગાવીને હારી જાય, પોતાની પત્નીને પણ દાવ પર લગાવીને તેને પણ હારી જાય. તેના નામ ઉપર સાધારણ માણસ પણ સંકોચ કરશે, પરંતુ આ બધું કરીને પણ યુધીશ્ઠીર ધર્માત્મા બની રહ્યા.

જ્યારે યુધીશ્ઠીરે દ્રૌપદીને દાવ પર રાખી ત્યારે સભાસદો દુ:ખી થઇને બોલી ઉઠ્યા-

''જનમેજય ! બુધ્ધીમાન ધર્મરાજના કહેતાંની સાથે જ તે સભામાં બેઠેલા મોટા મોટા લોકોના મુખેથી 'ધીક્કાર છે, ધીક્કાર છે'નો અવાજ આવવા લાગ્યો.''

જ્યારે યુધીશ્ઠીર દ્વારા દ્રૌપદી હારી જવામાં આવી ત્યારે દુર્યોધને દ્રૌપદીને સભામાં લાવવા માટે પહેલા પ્રાતીકામીન નામના સુતપુત્ર (સેવક)ને મોકલ્યો. તેને દ્રૌપદીએ કહ્યું-

''પ્રાતીકામીન ! તું એવી વાત કેમ કહે છે ? કોઇ રાજકુમાર પોતાની પત્નીને દાવ પર લગાવીને જુગાર રમે ખરા ? શું રાજા યુધીશ્ઠીર જુગારના નશામાં એવા પાગલ થઇ ગયા કે તેમની પાસે જુગારીઓને આપવા માટે બીજુ કંઇ ધન ન રહ્યું ?''

દ્રૌપદીનું અપમાન જોઇને ભીમને ખુબ દુ:ખ થયું. તેમણે યુધીશ્ઠીરને કહ્યું- ''ભાઇ યુધીશ્ઠીર ! જુગારીઓના ઘરમાં હંમેશાં કુલટા સ્ત્રીઓ રહે છે. પરંતુ તેઓ પણ તેને દાવ પર લગાવીને જુગાર નથી રમતા. તે કુલટાઓ પ્રત્યે પણ તેમના હૃદયમાં દયા હોય છે.''

ભીમે કહ્યું-''સહદેવ ! આગ લઇ આવો, યુધીશ્ઠીરના બન્ને હાથ ભસ્મ કરી દઉં.'' અર્જુને આવું થતાં રોક્યું.

યુધીશ્ઠીર બધું હારી જવા છતાં પણ ધૃતરાશ્ટ્રએ તેમને બધું પાછું આપી દીધું. પરંતુ અડધા રસ્તેથી પાછા જુગાર રમવા માટે યુધીશ્ઠીરને બોલાવ્યા ત્યારે તેમના મસ્તકમાં પણ આવું કરવાથી ભાવી વીનાશની આશંકા થઇ. પરંતુ તે પોતાની જુગારી આદતને રોકી ન શક્યા અને મનોમન પોતાની મુઢતા પર વીચારવા લાગ્યા. તેમની (યુધીશ્ઠરની) મુઢતા પર કવીએ કહ્યું-

''કોઇ જાનવરનું શરીર સુવર્ણનું હોય એ સંભવ નથી, તો પણ રામ સુવર્ણમય દેખાવવાળા મૃગ માટે લલચાયા. જેમનું પતન અને વીનાશ નજીક હોય છે, તેમની બુદ્ધી એકદમ વીપરીત થઇ જાય છે.''

પુસ્તીકાના અન્ય અંશો

મા સત્યવતીએ ભીશ્મને આગ્રહ કર્યો કે તે નાના ભાઇ વીચીત્રવીર્યની બન્ને પત્નીઓથી સંતાન પેદા કરે, પરંતુ ભીશ્મ માન્યા નહીં, ત્યારે માતાની આજ્ઞાથી મોટા ભાઇ વ્યાસ દ્વારા એકથી ધૃતરાશ્ટ્ર અને બીજીથી પાંડુને જન્મ આપ્યો અને તેમની એક નોકરાણીથી વીદુર થયા.

પાંડુની બે પત્નીઓ હતી, કુંતી અને માદ્રી. કુંતીથી યુધીશ્ઠીર, ભીમ, અર્જુન થયા તથા માદ્રીથી નકુળ અને સહદેવ. એમાં બધા જ બીજાના નીયોગથી પેદા થયા; જેમ કે ઇન્દ્રથી અર્જુન, ધર્મરાજથી યુધીશ્ઠીર, પવનથી ભીમ તથા અશ્વનીકુમારથી નકુળ અને સહદેવ.

બલરામે શ્રીકૃશ્ણને કહ્યું હતું કે ફક્ત દુર્યોધનનો જ દોશ નથી. (મુઢતાવશ) યુધીશ્ઠીર પોતે પાપપુર્ણ જુગારમાં ચુર (મદીરાની જેમ) થઇ ગયા હતા. આપણા માટે બન્ને સમાન છે. આપણું કર્તવ્ય બન્નેને સમજાવવાનું છે.

ગણેશજીને આ ત્રાસમાંથી બચાવો

- હીમાંશી શેલત

ગણેશજીના વીસર્જનનો ભક્તીભાવભર્યો પ્રસંગ. બાળકો (એટલે કે યુવાનો) સંગીત સાથે નાચી રહેલા. ઘોંઘાટ કાન ખરી પડે એટલો. આજકાલ ભારતમાં બહેરાશનો રોગ વધી ગયો છે એટલે મંદ-મધુર હોય તેવું કંઇ કાને પડતું નથી.

ગીત પ્રસંગને અનુરુપ અને ભાઇચારો વધારે એવું.

અપની તો જૈસે તૈસે, થોડી ઐસે યા વૈસે
કટ જાયેગી... આપ કા ક્યા હોગા જનાબેઆલી ?
આપ કા ક્યા હોગા ?

પ્રશ્ન ગણેશજીને પુછ્યો હોય તો યોગ્ય કહેવાય, કારણકે ઓછા પાણીવાળી નદી અને છીછરાં જળાશયમાં પોતાની વીરાટ કાયા શી રીતે ડુબશે એની સમસ્યા એમને પણ પજવી શકે. ચાલો, એ સમસ્યા છોડો, નહીં ડુબે તો કાંઠે પડ્યા રહેશે. અહીં અને ત્યાં, બધે જ, કાંઠે પડેલા ગણેશજી-એકલાઅટુલા-અમે ફોટામાં દીઠા. આંખમાં પાણી આવે એવું દૃશ્ય. ફટ છે પેલા નશામાં ચુર નપાવટ ભક્તોને ! જનાબેઅલીવાળું ગીત પત્યું કે તરત બીજું, એથીયે ચડે એવું ગીત આરંભાયું.

જુમ્મા ચુમ્મા દે દે !
જુમ્મા ચુમ્મા દે દે ચુમ્મા !

ગણેશજી બીચારા શું કરે ? ન કુદકો મારીને એમના વાહનમાંથી નીચે આવી પેલા નફકરાઓને ધમકાવી શકે, કે ન ઉઠીને કે દોડીને જાતે નદીમાં ઝંપલાવી શકે. ગણપતીની આ પ્રકારની અવમાનના અંગે કશું લાગતું નથી એની નવાઇ નથી

ગુજરાતમાં એવા પચાસ-સો જાગતા જણ પણ ન મળે, જે ઘોંઘાટ અને જળપ્રદુશણ અટકાવવા જનહીતમાં યાચીકા દાખલ કરે ?

લાગતી તમને ? આમ તો ઘણાય સંસ્કારપર્વો ઉજવાતા રહે છે, એકમેકની જય બોલાવતા રહીએ છીએ, પણ **સાવ નીચલી કક્ષાએ પહોંચેલી આ બીભત્સ પ્રવૃત્તીને નાથવા કેમ કોઇ બહાર નથી આવતું ?**

એક પ્રયત્ન કરવા જેવો છે. કોઇ ધાર્મીક સંપ્રદાય એક વર્શ પ્રજાને સમજાવે. આખા શહેરમાં માત્ર પાંચ-દસ ગણપતી અને એના વીસર્જનમાં ભજન-આરતીથી જુદું કશુંયે ન વાગે, વાદ્યસંગીત કે સાદા ઢોલત્રાંસાં ચાલે, પણ જુમ્મા ચુમ્મા તો નહીં જ.

ગણપતીને ખરેખર ચાહે છે એમની હાલાકીનોયે ખ્યાલ કરવા જેવો છે.

ગુજરાતમાં એવા પચાસ-સો જાગતા જણ પણ ન મળે, જે ઘોંઘાટ અને જળપ્રદુશણ અટકાવવા જનહીતમાં યાચીકા દાખલ કરે ?

સહુ ધર્મધુરંધરોને, સંતો-મહંતોને, સંસ્કાર-પુરુશો અને સંસ્કારી સન્નારીઓને ગણેશજીને આ મહાત્રાસમાંથી બચાવવાની અપીલ છે.

છે કોઇ તૈયાર ? આવશો કોઇ સામે ?

[૧૬-૯ના 'નયા માર્ગ'ના તેમના લેખમાંથી]

¾

'માતાજી'ને અમેરીકાનું આમંત્રણ

- પ્રા. રમણ પાઠક 'વાચસ્પતી'

અમેરીકાથી દીપક પટેલનો પત્ર છે.

હવે 'ગુજરાતમીત્ર' અખબાર અમે તમારા કરતાંય પહેલાં-અહીંના દીવસની લગભગ બપોર બાદ વાંચી શકીએ છીએ.

અમે શનીવાર, તા. ૧૨ સપ્ટેમ્બરના અંકમાં એક સમાચાર વાંચ્યા. સાથે જ અમને થયું કે આ બાબતે કંઇક સક્રીય આગળ કરવું જોઇએ; કારણ કે આવી ઘટના જો સત્ય હોય તો, એ ખરેખર જ અમારા વહાલા વતન ભારતની પ્રાચીન સંસ્કૃતીની અને એના યોગશાસ્ત્રની મહાનતા છે.

''...આબુ-અંબાજીસ્થીત ગબ્બર પાસેની ગુફામાં રહેતા ૮૨ વર્શીય પ્રહલાદભાઇ જાની (ચુંદડીવાળાં માતાજી) છેલ્લાં ૭૨ વર્શથી અન્ન-જળનો ત્યાગ કરી, સ્ત્રી વેશે અંબાજીમાતાની ભક્તી કરી રહ્યા છે. જાનીની આ રહસ્યમય અને અલૌકીક શક્તીએ વીજ્ઞાન અને મેડીકલ સાયન્સને પણ માથું ખંજવાળતા કરી મુક્યા છે... 'હું કઇ રીતે જીવન જીવી રહ્યો છું ?-એની તબીબી ચકાસણી અત્યાર સુધી ૨૫ વખત થઇ છે.' એમ તેઓ કહે છે. 'માતાજી' જ્યારે અગીયાર વર્શનાં હતાં, ત્યારે ત્રણ દેવીઓ અને ત્રણ દેવતાઓએ ક્રમશઃ દર્શન આપ્યાં... તેમના એક સ્પર્શથી હંમેશ માટે ભુખ-તરસ લાગતી બંધ થઇ ગઇ અને મુખમાંથી અમૃત ઝરવા લાગ્યું.''

એ પછી પોતાના તરફથી ટીપ્પણ કરતાં પટેલ લખે છે કે જો અમારા અમેરીકામાં આવી કોઇ ઘટના પ્રકાશમાં આવી હોય તો પત્રકારો અને વીજ્ઞાનીઓ બધા જરુર દોડાદોડ મચાવી મુકે. કયા તબીબો તથા કયા વીજ્ઞાનીઓએ આ 'માતાજી'ની અલૌકીક શક્તીની ચકાસણી કરી, એમને શોધે, મળે, પુછે અને તેઓનો વીગતે ઇન્ટરવ્યુ લે અને જાણવા જેવું કે જે સત્ય લાગે તે વ્યાપક રીતે પ્રગટ કરે !

અમને તો લાગે છે કે ભારતનું નામ જગતભરમાં રોશન કરનારી આ મહાન સીદ્ધી છે. (તે જ દીવસે) એક નોંધ પણ પ્રગટ કરવામાં આવી છે; જે જણાવે છે કે, ''કુંડલીનીના ઉત્થાન અને યોગીક શક્તીથી પ્રાપ્ત થતી આવી સીદ્ધીને વીજ્ઞાન પણ ઉકેલી શકતું નથી !''

અહીં નમ્રતાપુર્વક જણાવવાની રજા લઉં કે, હું વીજ્ઞાનરસીયો છું અને મારો જીવનવ્યવહાર બધો એકંદરે હું વૈજ્ઞાનીક અભીગમથી જ ચલાવું છું. પરીણામે આ બીજા સમાચાર અને એની વીજ્ઞાન વીશયક ટકોરથી મારી જીજ્ઞાસા સળવળી ઉઠી. એથી આ 'માતાજી'ના સમાચાર વાંચ્યા. એ માટે અહીંના પ્રતીશ્ઠીત વીદ્વાનો, વીજ્ઞાનીઓ તેમજ ખાસ તો જ્ઞાની તબીબોને મેં પુછપરછ કરી જ હતી. ત્યારે તબીબો અને વીજ્ઞાનીઓનો તો ભારપુર્વકનો એકંદર જવાબ એવો જ હતો કે, અમે હજારો માનવદેહ જોયા છે, ચીર્યા છે, કાપ્યા છે, એનાં અંગપ્રત્યંગ અને સુક્ષ્મ કોશો સઘળું જ ઝીણવટથી, પાકું અને પુરું જોયું છે, બરાબર તપાસ્યું છે, પરંતુ માનવશરીરમાં ક્યાંય અમને 'કુંડલીની' જેવો કોઇ અવયવ, એવી ઉર્જા કે એવી કોઇ શક્તી બીલકુલ જોવા મળી નથી.

'માતાજી'વાળી અલૌકીક ઘટના બાબત એમ જણાવવામાં આવે છે કે, મુલાધારચક્રમાંથી વીદ્યુતવેગે નીકળતી કુંડલીનીની ઉર્જા તાળવામાંથી બ્રહ્મરંધ્રને ભેદી શકે છે.

'માતાજી'ના તાળવામાં કાણું છે, જ્યાંથી બ્રહ્મરંધ્રમાંથી નીકળતું કોઇ પ્રવાહી તેઓને નવજીવન આપતું રહે છે. આ પ્રમાણે ઝરતું પ્રવાહી 'અમૃત' છે, એમ પણ જણાવવામાં આવ્યું છે...

વીજ્ઞાનીઓ અને તબીબો સાથે આ બાબતે જે

તાત્કાલીક ચર્ચા થઇ, એમાં તેઓનું કહેવું છે કે, દેહની અંદર જ આવું કોઇ જીવનદાયી પ્રવાહી વર્શો સુધી આપોઆપ ઉત્પન્ન થઇ શકે જ નહીં. માનવદેહના સંચલનમાં અમુક ઉર્જા વપરાઇ જાય છે અને વીજ્ઞાનના નીયમ મુજબ આ પ્રમાણે વપરાઇ જતી ઉર્જા માટે બહારની ઉર્જા સપ્લાય અનીવાર્ય જ બની રહે છે. દેહમાં ક્યાંય એવા ઉર્જાના અખુટ ભંડારો ભરેલા કદીય જોવા મળ્યા નથી.

દીપક પટેલ વધુમાં લખે છે કે 'માતાજી'ની અલૌકીક શક્તીના સમાચાર વાંચતાં અમને અહીંના બુદ્ધીનીશ્ઠોને એક વીચાર આવ્યો છે કે, જો 'માતાજી'ને અહીં અમેરીકાના તબીબો તેમજ વીજ્ઞાનીઓ સમક્ષ રજુ કરીએ અને સાક્ષાત દાખલો બતાવીએ કે, 'જુઓ ભારતીય યોગવીદ્યાનો આ ચમત્કાર !' તો વીજ્ઞાન સમક્ષ એક અભુતપુર્વ પડકાર ભારતીય સંસ્કૃતી અને એની પ્રાચીન વીદ્યાઓની વીશ્વમાં અજોડ એવી શક્તીઓ અને સીદ્ધીઓ દ્વારા રજુ કરી શકાય; જેથી ભારતની મોટી નામના થાય.

અમારો હેતુ ફકત માદરે વતન-ભારતની શાન બઢાવવાનો જ છે.

અમે 'માતાજી'ને અહીં અમેરીકા પધારવાનું હાર્દીક નીમંત્રણ પાઠવીએ છીએ.

તેઓશ્રી અહીં આવીને, બે-ત્રણ અઠવાડીયાં કે એકાદ મહીનો રહી જાય, એનો તમામ ખર્ચ તેમ જ બધી જ જવાબદારી અમારે માથે ! તો આ દીશામાં સક્રીય વીચારણા કરવા લાગતાવળગતા સૌ અગ્રણીઓને અમારી વીનંતી છે.... આ વચન અમે પુરી ગંભીરતાથી, સચ્ચાઇપુર્વક આપી રહ્યા છીએ.

ભરતવાક્ય :

આ નીમંત્રણ કે એ બાબતે કોઇ પણ વ્યક્તી જો કોઇ પણ મુદ્દે વાતચીત કે ચર્ચા કરવા ઇચ્છતી હોય, તો તેણે દીપક એલ. પટેલનો સીધો સંપર્ક (અમેરીકા) સાધવો. સરનામું નીચે મુજબ : 4577 HWY 20E. NICEVILLE, FL. 32578-USA. Ph. (001) 8506854878. પ્રેશક : **નરેન્દ્ર મસરાણી**

['ગુજરાત મીત્ર' તા. ૧૬-૯ના 'રમણભ્રમણ'નો સંક્ષેપ]

ભાજપ આવે તો નીરાશા?

મુંબઇના રેશનાલીસ્ટ ગીરીશ શાહે વીલેપાર્લે ખાતેના પોતાના નીવાસસ્થાને અંધશ્રદ્ધા નીર્મુલન ચળવળના કર્ણધાર ડૉ. નરેન્દ્ર દાભોલકર સાથે એક ગોશ્ઠી તા. ૨૫-૯ની મોડી સાંજે યોજી હતી, જેમાં અમુક વીવેકપંથીઓ સહીત પચ્ચીસ જેટલાં ભાઇ-બહેનોની ઉપસ્થીતી હતી.

ડૉક્ટરના પ્રવચન બાદની પ્રશ્નોત્તરીમાં થયેલા પ્રશ્નો પૈકી બે ધ્યાનાકર્શક પ્રશ્નોત્તર જોઇએ.

પ્રશ્ન : તમે કહ્યું કે મહારાશ્ટ્રમાં વસતા ૧.૮૦ કરોડ કુટુંબોમાંથી ૧ કરોડ કુટુંબો એટલે કે પંચાવન ટકા કુટુંબોમાં ગણેશની પધરામણી થાય છે. આવતા વર્શે ૭૦ ટકા પણ થઇ શકે છે. આ ક્રમેક્રમે વધતા પ્રમાણ પાછળની માનસીકતા શું હશે ?

ડૉ. દાભોલકર : પરંપરાને અનુસરવાનું લોકમાનસ અને લોકોને ધર્મના ઘેનમાં રાખવાની રાજકારણીઓની રમત.

પ્રશ્ન : અંધશ્રદ્ધા નીર્મુલનનો કાયદો પસાર કરાવવાની મોહીમ ૨૦ વર્શથી ચાલે છે. પરીણામ તમને શું દેખાય છે ?

ડૉ. દાભોલકર : ચુંટણી માથા પર છે. જો કૉંગ્રેસ સરકાર આવશે તો આશા ઉભી રહેશે અને જો ભાજપની સરકાર આવશે તો આશા રાખવી વ્યર્થ છે.

યજમાન ગીરીશ શાહે પુર્વે પરીચયવીધી કરી હતી અને દાભોલકરના પ્રવચન બાદ ભગવાનજી રૈયાણી પોતાના વીચારો માંડીને રવાના થયા હતા. ગીરીશ શાહ તથા પ્રવીણ વેલજી શાહે પ્રત્યેકે અનીસને આ પ્રસંગે રુ. ૫૦૦૦ની ભેટ આપી હતી.

ખટાઉની ખંત !

લેભાગુઓ મસમોટી જાહેરાતો વડે ગંજાવર પ્રમાણમાં લોકોને 'માંદગી મુક્તી'ની લાલચ આપી છેતરતા હોય છે તેમની સામે આડો હાથ કેમ દઇ શકાય તેની વીચારણા માટે લક્ષ્મીદાસ ખટાઉએ પોતાને ઘેર ડૉ. મનુ કોઠારી, ભગવાનજી રૈયાણી અને ગુલાબ ભેડાને તા. ૨૪ની સાંજે નોંતર્યા હતા.

દોઢ કલાકની બેઠકમાં પ્રથમ બે મીત્રોએ પોતાના વીચારો માંડ્યા હતા અને ત્રીજા નીમંત્રીતે અંતે પુછ્યું હતું, ''આજની બેઠકનો આપણો નીર્ણય શો ?''

ડૉ. મનુ કોઠારીનો ઉડતો ઉત્તર હતો, It is decided not to decide anything (કોઇ નીર્ણય ના કરવાનું નક્કી કર્યું.). આમ છતાં પછીથી લક્ષ્મીદાસ ખટાઉએ ફોન પર કહ્યું હતું, 'રેશનાલીસ્ટોએ આ બાબતમાં સક્રીય થવું જ જોઇએ.

''હું સંક્રમણકાળમાં છું. આધ્યાત્મ પરથી રેશનાલીઝમ તરફ વળી રહ્યો છું.'' સુરતની વીચારગોશ્ઠીના પ્રમુખ ઉત્તમ પરમાર

સત્યશોધક સભા સુરતના ઉપક્રમે સાહીત્ય સંગમના નાનુભાઇ નાયક સભાગૃહમાં તા. ૧૪મી સપ્ટેમ્બરે એક વીચારગોશ્ઠી રાખવામાં આવી હતી, જેના પ્રમુખવક્તા હતા 'વીવેકપંથી'ના તંત્રી ગુલાબ ભેડા. સભાના પ્રમુખ હતા કીમના નીશ્ઠાવાન કાર્યકર ઉત્તમ પરમાર. ચર્ચાનો વીશય હતો, **'સ્વસ્થ સમાજ માટે રેશનાલીઝમ'** અને સભાસંચાલક હતા પ્રેમ ડી. સુમેસરા.

વક્તાએ વીશયને ત્રણ ભાગે વહેંચીને ચર્ચાનો પ્રારંભ કરતાં જણાવ્યું હતું કે 'સ્વસ્થતા' શબ્દના શબ્દકોશમાં દસેક અર્થો આપ્યા છે; જેમાં મુખ્યત્વે છે તંદુરસ્ત, એકાગ્ર અને સાવધાન. સ્વસ્થતા માટે સાવધાની જેટલી જરુરી છે તેટલી જ તંદુરસ્તી જરુરી છે, પણ મનદુરસ્તી વીના તંદુરસ્તી શક્ય નથી. રેશનાલીસ્ટ મનદુરસ્ત હોવો જ જોઇએ કહેતાં એમણે મનદુરસ્તીનાં લક્ષણો સ્વાનુભવી દ્રશ્ટાંતો સાથે આપ્યાં હતાં. સમાજ એટલે વ્યક્તીઓનો સમુદાય. સમુદાયને સાગમટે કોઇ માર્ગે વાળી શકાય નહીં. જે માર્ગે સમાજને વાળવા ઇચ્છતો હોય તે માર્ગે પ્રથમ વ્યક્તીએ પોતે વળવું જોઇએ. સવારની બાબુભાઇ વાઘાણી સાથેની ચર્ચાનું તારણ ટાંકતાં ગુલાબ ભેડાએ કહ્યું હતું, ''વ્યક્તીએ પ્રથમ ધ્યાન સ્વયંસુધારણા પર જ આપવું ઘટે. સમાજસુધારણાનું પહેલું પગથીયું તે સ્વસુધારણા.'' તેમણે આગળ ચાલતાં સંતવાણીમાં ઉપદાશાયેલા 'સંતોશ'ને નકારતાં તેના સ્થાને રેશનલ સમાજ માટે 'પર્યાપ્તતા' શબ્દને આગળ કર્યો હતો. તેમણે કહ્યું હતું, ''સંતોશ તો પ્રમાદનું દ્યોતક છે. જે મળે તેમાં સંતોશ ના માનતાં જે જોઇએ તેનાથી થોડું અધીક મેળવીને રેશનાલીસ્ટે પર્યાપ્તતા હાંસલ કરવી જ પડે. સાથે અર્થોપાર્જન પર અલ્પવીરામ અને પુર્ણવીરામ મુકતાં પણ શીખવું પડે. અર્થોપાર્જન સીવાય પણ માણસે કમાવા જેવું જીવનમાં ઘણું છે. નાણાકીય વ્યવસ્થા પર્યાપ્ત માત્રામાં કરી લીધા બાદ મનને અન્ય દીશામાં વાળી શકે તે રેશનાલીસ્ટ. મૃત્યુ અને સેક્સ સહીતના દરેક પ્રકારના મીથ્યાભારથી મુક્ત થઇને જ રેશનાલીસ્ટ સમાજ સ્થાપી શકાશે અને તેથી જ સ્વસ્થ સમાજ માટે અનીવાર્ય છે રેશનાલીઝમ.''

પ્રવચન બાદની પ્રશ્નોત્તરીમાં શ્રોતાઓએ સભાને જીવંત બનાવી દીધી હતી. અધ્યક્ષીય પ્રવચનમાં પોતે સંક્રમણકાળમાંથી પસાર થઇ રહ્યા છે, અર્થાત્ આધ્યાત્મ પરથી રેશનાલીઝમ તરફ વળી રહ્યા છે તે વાસ્તવીકતાની પ્રતીતી ઉત્તમ પરમારે કરાવી હતી. તેમણે એક સ્પશ્ટોક્તી સ્વાનુભવે એવી કરી હતી કે ધર્મ કે આધ્યાત્મ સ્વસ્થ સમાજનું નીર્માણ કરી શકે નહીં. એમણે એમ પણ કહ્યું હતું કે લૌકીક જીવન માટે અલૌકીક શક્તીનો આધાર લઇ શકાય નહીં. વધુમાં તેમણે કહ્યું હતું કે પત્નીનું સ્ખલન થાય તેને સંસ્કારીતાનું સ્ખલન ગણવું જોઇએ નહીં.

સભાના પ્રારંભે 'સત્યાન્વેશણ'ના તંત્રી સુર્યકાન્ત શાહે સત્યશોધક સભા વતી વક્તા અને શ્રોતાઓનું સ્વાગત કરતાં ગુલાબ ભેડાને સુરતના આત્મીયજન ઠેરવતો વીસ્તૃત પરીચય આપ્યો હતો.

વક્તાને સત્યશોધક સભાના પ્રમુખ બી. એ. પરીખના હસ્તે પુશ્પને બદલે તેમનું નવપ્રકાશીત પુસ્તક 'આતંકવાદનું સ્વરુપ' અર્પણ કરવામાં આવ્યું હતું એ જ રીતે એ પુસ્તક મંત્રી બાબુભાઇ દેસાઇને હસ્તે સભાપ્રમુખને આપવામાં આવ્યું હતું.

સાહીત્ય સંગમના સરસંચાલક નાનુભાઇ નાયકે પ્રવર્તમાન સ્થીતી-સંજોગોમાં રેશનાલીસ્ટોને પુરજોશ પ્રવૃત્ત થવાનું આવાહન કર્યું હતું.

સુનીયોજીત આભારદર્શન બાબુભાઇ દેસાઇએ કર્યા બાદ સમાપનમાં સભાસંચાલક પ્રેમ ડી. સુમેસરાએ 'વીવેકપંથી'ના પ્રકાશન અને તંત્રીની તટસ્થ નીતીને બીરદાવતાં કહ્યું હતું, ''ખુબ ટુંકા સમયમાં 'વીવેકપંથી' રેશનાલીઝમમાં ટોચે પહોંચી ગયું છે.'' પોતાની અતી વ્યસ્તતામાંથી સમય કાઢીને જનક નાયકે વીચાર ગોશ્ઠી કચકડે મઢી હતી.

સુચનો લખી મોકલો

૧૦૦

ગતાંકમાં જાહેર કર્યા પ્રમાણે આગામી જુલાઇ માસનો 'વીવેકપંથી'નો અંક ૧૦૦મો અંક હશે. આ ૧૦૦મો અંક દળદાર બનાવીને તેનું વીમોચન સમારંભપુર્વક કરવું જોઇએ એમ તમને લાગે છે ?

સાથેસાથે એ નીમીત્તે મુંબઇમાં રેશનાલીસ્ટ સંમેલન પણ યોજી શકાય એમ માનો છો? **વાચકોનાં સુચનોને આવકાર છે.**

ઑગસ્ટ ક્રાંતી દીને મળ્યું નાગરીક સંમેલન

૯ ઑગસ્ટ-'હીંદ છોડો ચળવળ' ઑગસ્ટ ક્રાંતી દીને ગુજરાત વીદ્યાપીઠમાં અહીંસા શોધ ભવન ખાતે મળેલા નાગરીક સંમેલનને અદ્‌ભુત સફળતા મળી હતી અને સંમેલનમાં ઉપસ્થીત સહુએ 'સમાજપરીવર્તન અને ન્યાય માટે ઑગસ્ટ ક્રાંતી આગે કદમ'નો નારો બુલંદ કરીને 'હમ હોંગે કામીયાબ'નો વીશ્વાસ વ્યક્ત કર્યો હતો. સંમેલનમાં રાજ્યના લગભગ બધા જ જીલ્લાઓમાંથી ૨૦૦ ઉપરાંત પ્રતીનીધીઓ હાજર રહ્યા હતા. પુર્વરોકાણવશ નહીં પહોંચી શકેલા ઇન્દુકુમાર જાની, મુકુલ સીંહા, મલ્લીકા સારાભાઇ, અનીરુદ્ધસીંહ જાડેજા વગેરેએ સંમેલનના હેતુ સાથે સહમતીસુચક શુભેચ્છાઓ પાઠવી હતી.

સંમેલનના પ્રથમ સત્રનું પ્રમુખપદ જાણીતાં મહીલા અગ્રણી ઇલાબહેન પાઠકે સંભાળ્યું હતું. કાર્યક્રમની શરુઆતમાં જાણીતા પત્રકાર કર્મશીલ પ્રકાશભાઇ ન. શાહે યોજકો વતી સંમેલનના હેતુ અને ઉદ્દેશ વીશે વાત કરતાં કહ્યું હતું કે, ઑગસ્ટ ક્રાંતી દીને લોકોના રાજ્યની વાત આટલાં વર્શેય દોહરાવવી પડી રહી છે તે જ બતાવે છે કે રાજ્યમાં અને દેશમાં કેવી પરીસ્થીતી છે. એમણે ઉમેર્યું કે આ સંમેલનનો જુસ્સો અને ક્ષેત્ર માત્ર અમદાવાદ પુરતા જ નહીં રાખતાં જીલ્લા અને તાલુકા સ્થળોએ સીધા સંપર્ક અને સલાહમસલત તથા સભાસંમેલન વગેરે મારફત એને બહુ વ્યાપક બનાવીશું.

પ્રથમ સત્રના પ્રમુખપદેથી બોલતાં ઇલાબહેન પાઠકે સંમેલનમાં આવેલા સહુને બધા જ મુદ્દાઓ અને પ્રશ્નોમાં મહીલાઓનો દ્રશ્ટીકોણ ન ભુલવા ભારપુર્વક સુચવ્યું હતું. તે પછી સંમેલનના પ્રતીનીધીઓ ચર્ચા માટે ચાર જુથમાં વહેંચાઇ ગયા હતા. આ ચાર જુથો હતા : (૧) કાયદો અને વ્યવસ્થા-માર્ગદર્શક દીનેશભાઇ શુક્લ (૨) શીક્ષણ-માર્ગદર્શક અશ્વીનભાઇ કારીઆ (૩) પર્યાવરણ અને જમીન-માર્ગદર્શક મનીશભાઇ જાની. (૪) ઔદ્યોગીકીકરણ અને મોંઘવારી-માર્ગદર્શક રોહીતભાઇ શુક્લ.

બીજા સત્રના પ્રમુખપદેથી જાણીતા ધારાશાસ્ત્રી ગીરીશભાઇ પટેલે કહ્યું હતું કે આજનો દીવસ ઐતીહાસીક છે અને આવનારો સમય પણ રાજ્ય-દેશમાં ઐતીહાસીક બનશે જો આપણે બધા આપણી નાનકડી-સાંકડી ઓળખો-અહમ્‌ને બાજુએ મુકીને રાજ્યમાં લોકોના પ્રશ્નો લઇને એક લોકઆંદોલનને મજબુતાઇથી ઉભું કરી શકીએ તો. યોજકો વતી સમાપનવચનો ઉચ્ચારતાં પ્રકાશભાઇએ મંગેશ પાડગાંવકરની એ મતલબની પંક્તીઓ સંભારી હતી કે ક્રાંતીની નીયતી જનકતનયા જેવી હોય છે. વનવાસમાં સાથે અને ગાદીએ બેસવાનું આવે તે પછીય વનવાસમાં ! એમણે કહ્યું હતું કે રુટીન રાજકારણ અને રુટીન ચુંટણીઓને પરીવર્તન માટેની આહ અને ચાહ સાથે જોડી રાખતું જનઆંદોલન જ આ નીયતીને બદલી શકે.

સંમેલનના અંતે આવા જીલ્લાવાર સંમેલનના આયોજનની તથા ૧૦ ડીસેમ્બર માનવ અધીકાર દીવસે મહાસંમેલનના આયોજનની જાહેરાત થઇ હતી. સંમેલનનું સંચાલન અને પ્રબંધન ગૌતમ ઠાકર તથા દ્વારીકાનાથ રથે સંભાળ્યું હતું. તે પછી બધા પ્રતીનીધીઓ અને અગ્રણી નાગરીકોએ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા અને પ્રજાકીય પ્રશ્નોને લઇને ઇન્કમટૅક્સ સર્કલ પાસે દેખાવો કર્યા હતા, જેમાં મુખ્ય નારાઓ હતા (૧) જળ, જમીન અને જંગલ કોનાં ? જનતાનાં ભાઇ જનતાનાં. (૨) ઑગસ્ટ ક્રાંતી... આગે કદમ, આગે કદમ. (૩) સમજી લો સાફ સાફ: અમને જોઇએ અમન, એખલાસ, ઇન્સાફ. (૪) અમારી એક જ વાત, જનતાનું રાજ દીવસ-રાત.

આ સંમેલન બાદ મળેલી મીટીંગમાં નાગરીકોના આ મંચને 'લોકઆંદોલન-ગુજરાત' નામ આપવામાં આવ્યું છે.

[નાગરીક સંમેલન બુલેટીન, તા. ૩૧-૮]

ભગવાનજી રૈયાણનો ખુલાસો

આ તો લોકભાગીદારીનું કામ છે

અગાઉના અંકમાં મેં જ્યોતીશીઓ, છાપાંઓ અને ટીવી ચૅનલો દ્વારા ચલાવાતા ન્યુમરોલૉજી, પામીસ્ટ્રી, હોરોસ્કોપ, વાસ્તુ, ફેંગશુઇ, રેકી, ટેરો કાર્ડ, રુદ્રાક્ષ, જેમ સ્ટોન્સના માધ્યમથી માનવીનાં દરેક દુ:ખદર્દ દુર કરવાને વીશે ચલાવાતાં કૌભાંડો ખુલ્લાં પાડીને એમને અદાલતમાં જનહીત યાચીકા (PIL) કરવા માટે આપણા રેશનાલીસ્ટ મીત્રોને અપીલ કરી હતી. મોડે મોડે બે મીત્રો એન. વી. ચાવડા અને રજનીકુમાર પંડ્યાએ મને લખ્યું કે તમે જાતે જ ટીવી ચૅનલોની સામે બેસીને આ બધું મેળવી શકો છો એમાં બીજાની મદદની શી જરુર છે ?

એમની વાત સાચી છે, પણ આપણે ટીમવર્કથી આ કામ કરીએ છીએ અને ઘણાં ભાઇ-બહેનોની મહેનતનું આ પરીણામ છે એવો સંતોશ મેળવવો હતો.

ખેર, નરેન્દ્ર મસરાણી આ કામ મારે માટે કરી રહ્યા છે એમના અમે આભારી છીએ. - **ભગવાનજી રૈયાણી**

પ્રમુખ જનહીત મંચ, મુંબઇ

વીવેકપંથી ૯૧

તંત્રીની કલમે

હક જો જીવવાનો, તો મરવાનો કાં નહીં ?

સુરતના મીત્રો રમણ પાઠકના યોગક્ષેમની સારી કાળજી લે છે. ૮૭ વટાવી ગયા પછી પણ 'વાચસ્પતી'ની પ્રવર્તમાન અસ્વસ્થતાના મુળમાં નથી ઉતરવું પણ તેમના જ શબ્દોમાં તેઓ બારડોલીના વીશાળ ફ્લેટમાં પણ નર્કાગારમાં જીવી રહ્યાનું અનુભવે છે. એમને એ નર્કાગારમાંથી કાઢવાનું પ્રયોજન લઇને સુરતી મીત્રો સાથે તા. ૧૫મી સપ્ટેમ્બરે બારડોલી ગયો હતો ત્યારે રમણભાઇને મારો પહેલો પ્રશ્ન આ હતો, ''તમારી ખરેખરી ઇચ્છા શી છે ?''

એમનો નીર્ભેળ અને નક્કર જવાબ હતો, 'મરી જવાની.'

આ ઇચ્છા કંઇ નવી નથી. વર્શો પહેલાં તેઓ સ્વૈચ્છીક મૃત્યુની ઇચ્છા જાહેર કરી ચુક્યા છે અને જો ઇચ્છા પ્રમાણે જ વર્તી શક્યા હોત તો ક્યારના મરી ગયા હોત.

પણ અહીં જ આવે છે ઇચ્છામૃત્યુની પાયાની વાત. માણસને પોતાને જ્યારે પ્રતીત થાય કે તેના શેશ જીવનનો હવે કોઇ અર્થ નથી-એ પૃથ્વી પર ભારરુપ થઇને જીવી રહ્યો છે, ત્યારે એણે ઇચ્છામૃત્યુ સ્વીકારી લેવું જ હીતકર ગણાય.

પણ રમણ પાઠકનું એમ નથી. એમનું જીવન આજે પણ કામનું છે. મુલ્યવાન છે અને તેથી જ ઘેરો માનસીક સંતાપ વેઠ્યા પછી પણ ધબકતા રહ્યા છે. આપણે એમને આપણા જ હીતમાં ધબકતા રાખ્યા છે અને રાખીશું.

આ જ સંદર્ભે આપણે ચર્ચા કરવી છે ઇચ્છામૃત્યુની.

આ અંકનાં ૩ થી ૮ પાનાં પર આ જ વીશયની ચર્ચા છે. પહેલા ચર્ચાર્થી ઇશ્વર પટેલ તેમની પીડીત પત્નીને પીડામુક્ત કરવા ઇચ્છે છે અને તેથી સ્વેચ્છામૃત્યુને કાયદેસરતા આપવાની રાશ્ટ્રપ્રમુખને અપીલ કરે છે.

બીજા ચર્ચાર્થી ભોગીલાલ બોસમીયા પોતાની જાત માટે જ સ્વેચ્છામૃત્યુને કાયદાનું આરક્ષણ આપવાની અપીલ કેન્દ્રના કાયદામંત્રીને કરે છે. સાથે આ જ વીશય પર દીવ્ય ભાસ્કરમાં દીપક સોલીયાએ જીવંત ઉદાહરણ સાથે જે તલસ્પર્શી ચર્ચા કરી છે તેની ઝેરોક્ષ નકલ પણ તેમણે મોકલી છે. લેખક સોલીયાએ ઉઠાવેલા મનોવૈજ્ઞાનીક અને વૈજ્ઞાનીક પ્રશ્નો ચર્ચાનો સમોચીત ઉઘાડ કરે છે.

અહીં કોઇકને ઉપલક પ્રશ્ન પણ થઇ શકે છે કે ભઇ, મરી જ જવું હોય તો કાયદાની રાહ શી જોવી ! મરવા માટે તો અનેક માર્ગો મોકળા છે.

પણ ના, માર્ગો મોકળા નથી. મરી જવાનો પ્રયત્ન કરવા છતાં મર્યા નહીં તો આપઘાતના પ્રયાસનો સજાપાત્ર ગુનો બને છે અને મરી ગયા તો પણ કાયદાના ગુનેગાર તો ઠરીએ જ છીએ. આપઘાત કાયદામાં એક ગુનો છે.

દાકતર એમાં મદદરુપ જરુર થઇ શકે, પણ થાય નહીં તેનાં પણ કારણો છે. દાકતરનું કામ માણસને લાંબું જીવાડવાનું છે, મારવાનું નહીં અને જો મારે તો જરુર ગુનેગાર ઠરે.

સંથારાની ભુમીકા જોતાં ભુખે મરી જવા સામે કાયદાનો બાધ હશે નહીં તેમ ઉપલક દશ્ટીએ લાગે, છતાં એ વીશય પણ સંશોધનનો તો ખરો જ.

રેશનલ-વીવેકબુદ્ધીની વાત તો એ છે કે જીવવાનો જેને હક છે તેને મરવાનો હક પણ હોવો જ જોઇએ.

સ્વાતંત્ર્ય સમયે સરેરાશ ભારતીયજનની જીવાદોરી સરેરાશ ૨૪-૨૫ની હતી તે આજે ૬૪-૬૫ની થઇ હોય તો તે વીજ્ઞાનની જ કમાલ છે. આયુ વધારી આપનાર વીજ્ઞાનને શું જીવનનું નીયમન કરવાનો હક ના આપવો જોઇએ ?

ભારતીય તત્ત્વજ્ઞાન પણ કહે છે કે માનવજીવન લાંબું થાય તેના કરતાં સારું થાય એ જોવું જરુરી છે. સારી રીતે જીવતાં જેને આવડી જાય તેના માટે સવા સો વર્શ પણ કામના છે, પણ એ જેને ના આવડે તેણે સમયસર સ્વૈચ્છીક વીદાય લઇ લેવામાં જ સાર.

એક વાત એ પણ ખરી જ, કે ઇચ્છામૃત્યુ એ સુસુપ્ત માનસનો પ્રશ્ન ના હોતાં જાગૃત માનસનો જ પ્રશ્ન છે. પુર્ણ જાગૃતીપુર્વક જીવ્યું હોય તે જ જાગૃતીપુર્વક મરવાનો વીચાર કરી શકે. બાકી પથારીમાં પડ્યે પડ્યે પોતે પીડાતા અને અન્યોને પીડતા જીવોનો તો તોટો જ ક્યાં છે ?

વાતની વાત તે સીધીસાદી વાત એક જ કે જીવવાના હકની સાથે સ્વેચ્છાએ મરવાનો હક પણ માણસને મળવો જ જોઇએ. જોકે આ પ્રશ્ન જટીલ છે, અનેક પેટા પ્રશ્નો એના ગર્ભમાં પડ્યા છે, પણ કોઇ પ્રશ્ન એવો તો ના જ હોય કે જેનો કોઇ ઉત્તર જ ના મળે ! સરકારી તંત્રોને એ દીશામાં વાળવાં એ આપણું-રેશનાલીસ્ટોનું જ કામ છે. તો ચાલો, સક્રીયતાની દીશામાં વીચારતા થઇએ.

રમણ પાઠક અમેરીકા ગયા

રમણભાઇને સુરતમાં પોતાની નજર સામે સ્થાયી કરવાની સુરતના મીત્રોની પુર્ણ તૈયારી છતાં એકની એક પુત્રી સર્વરીની લાગણીને માન આપીને તેની સાથે તા. ૩-૧૦-૦૯ના રોજ રમણભાઇ મર્યાદીત સમય માટે અમેરીકા ગયા છે.

બે પ્રોત્સાહક પત્રો

શુક્લ ફળીયું, ભાલોદ-૩૯૩૧૦૫
તા. ૨૩-૯-૦૯

'વીવેકપંથી'ની યોજનામાં શુભેચ્છા સાથે ચેક બીડેલ છે; તમારી સુચના પ્રમાણે A/C Payee ચેક સાદી ટપાલમાં: બરાબરને ? - **અરુણ બારોટ**

ä
એ-૩૮, સોલા ભાગવતનગર,
સોલા રોડ, અમદાવાદ-૬૧.
તા. ૨૬-૯-૦૯

વીક્રમ દલાલે આપેલા 'વીવેકપંથી'ના અંકો વાંચ્યા, જેમાં વાર્શીક ૧૨૦૦ની યોજના પણ વાંચી-સારી લાગી. આનંદ સાથે ૧૨૦૦/-નો ચેક મોકલું છું.

સારા કાર્યમાં સહકાર આપવાનો સ્વભાવ છે અને રહેશે. ૨૦ વર્શથી નીવૃત્ત છું. - **રવજીભાઇ પટેલ**

આવા ટુંકા છતાં ભાવથી ભરેલા પત્રો મળે છે ત્યારે હૃદય ભરાઇ આવે છે. કોણ કહે છે ગુજરાતી વાચકો-વીચારકોમાં કદરદાની નથી !

૮. રુ. ૧૨૦૦ ડૉ. અમુલ શાહ-મુંબઇ
+ ૩૦૦ સ્વૈચ્છીક યોગદાન
૯. રુ. ૧૨૦૦ ચીનુભાઇ બી. શાહ-મુંબઇ
૧૦. રુ. ૧૨૦૦ અરુણ બારોટ-ભાલોદ
૧૧. રુ. ૧૨૦૦ પ્રવીણ વે. શાહ-મુંબઇ
૧૨. રુ. ૧૨૦૦ રવજીભાઇ પટેલ-અમદાવાદ

આવાં ૧૦૦ નામ નોંધવાની ધારણા પાર પાડવા માટે તમારો રુ. ૧૨૦૦નો ચેક ક્યારે ? જો આજે જ રવાના કરવાના હો તો સરનામું પહેલા અને છેલ્લા પાને છે.

ઉપરાંત સ્વૈચ્છીક યોગદાનમાં : રુ. ૫૦૦ મુકુન્દ દેસાઇ-સુરત અને રુ. ૨૦૦ સ્મૃતી સોલંકી-મુંબઇએ મોકલ્યા છે.

રૈયાણીને મેં તો પહેલાં જ રાજી કર્યા'તા

અંક ૮૯ના પાના ૪ ઉપર ''રૈયાણીને રાજી કરીશું ને !'' એ શીર્શકે અપાયેલી નોંધ અંગે જણાવવાનું કે બાળદીક્ષા માટેના પુરાવા આપવાની એમની અગાઉની અપીલના પ્રતીભાવમાં મારા 'બાળદીક્ષા' અંગેના 'સંદેશ'માં છપાયેલા લેખની ઝેરોક્ષ નકલ મેં એમને ઇ-મેઇલથી મોકલી હતી. તેમણે સામે ઇ-મેઇલથી જ જણાવ્યું હતું કે એ નકલ ખુબ ઝાંખી હોવાના કારણે વાંચી શકાય તેમ નથી. આથી ટપાલ દ્વારા મેં બીજી સારી નકલ મોકલી હતી.

પહોંચ આપતાં તેમણે મને કહ્યું હતું, ''આ વીશયમાં તમારું જ્ઞાન સારું છે તો તમે PIL કરવા વીચારો.'' જવાબમાં મેં લખ્યું હતું કે તમારી પાસેનું સાહીત્ય મોકલો તો હું વકીલનો સંપર્ક કરું.

આમ તમે લખો તે પહેલાં જ મેં રૈયાણીને રાજી કર્યા હતા. જરુરી જણાય તો એમની પાસેથી ખુલાસો પણ મેળવી શકો છો.

-અશ્વીન કારીઆ, અમદાવાદ.

કઇંક તો છે ? ના, કંઇ જ નથી

(૧)

ઑગસ્ટ-૨૦૦૯ના 'વીવેકપંથી'માં 'કંઇક તો છે... ?' શીર્ષકસ્થ લેખના અનુસંધાનમાં 'બ્રહ્માંડનાં તત્ત્વો એકબીજા સાથે ઑર્ગેનીક સંબંધ ધરાવે છે, અવકાશી ગ્રહોની પૃથ્વી પર અસર થાય છે.' એવા રજનીકુમાર પંડ્યાના વીધાન સાથે સંમત થઇ શકાય એમ છે, પરંતુ તેનાથી જ્યોતીશ સાચું સાબીત થવાને બદલે ખોટું સાબીત થાય છે. કારણ કે જ્યોતીશ તો માત્ર નવગ્રહની અસરની જ વાત કરે છે. જ્યારે રજનીકુમારના વીધાન પ્રમાણે તો માણસ ઉપર ફક્ત નવગ્રહોની જ નહીં પરંતુ બ્રહ્માંડના સમસ્ત ગ્રહો, પીંડો અને તત્ત્વોની અસર થાય છે. તેથી મનુશ્યના જીવનમાં જે કંઇ ઘટના ઘટે છે, તે માત્ર નવગ્રહોની નહીં, પરંતુ બ્રહ્માંડના સમસ્ત તત્ત્વોની પારીમાણીક અસર હોઇ શકે છે. એનો અર્થ એમ થાય કે જ્યોતીશના ઉદ્‌ભવદાતાઓની ફક્ત નવગ્રહની અસરની વાત અવૈજ્ઞાનીક, જુઠી અને છેતરપીંડીયુક્ત છે. કદાચ એ વીનાપરીશ્રમની આજીવીકા માટે રચવામાં આવેલી યોજના જ છે.

રજનીકુમારના વીધાન સંદર્ભે તો એમ જ કહી શકાય કે બ્રહ્માંડનાં તમામ તત્ત્વોનો જન્મકુંડળીમાં સમાવેશ થવો જોઇએ. પરંતુ એ તો શક્ય જ નથી. તેથી કોઇ પણ વ્યક્તીનું ભવીશ્ય જાણવું પણ શક્ય જ નથી. કહેવાતા નવગ્રહના જાણકાર જ્યોતીશીઓની એક પણ આગાહી કદાચ આ કારણને લીધે જ સાચી પડતી નહીં હોય ! અને જે સાચી પડે છે તે તો 'કાગનું બેસવું અને ડાળનું ભાંગવું' જેવી આકસ્મીક જ હોઇ શકે.

જ્યોતીશ ફક્ત નવગ્રહની જ અસરની વાત કરે છે, તે ખુદ રજનીકુમારના મંતવ્ય પ્રમાણે ખોટી છે. ફલાણો ગ્રહ ફલાણા સ્થાનમાં હોય તો તેની ફલાણી અસર થાય એની શોધ ક્યારે, કેવી રીતે, કયાં સાધનોની મદદથી થઇ ? માત્ર પલાખા જેવી એ ગોખણવીદ્યા લાગે છે.

જ્યોતીશના ઉદ્‌ભવકારોએ જ્યારે જ્યોતીશનું નીર્માણ કર્યું ત્યારે તેમને નવગ્રહ વીશે પણ પુરતી અને સાચી માહીતી નહોતી. સુર્ય એક ગ્રહ નહીં પણ તારો છે, સુર્ય સ્થીર છે અને પૃથ્વી તેની આસપાસ ફરે છે. અર્થાત્ પૃથ્વી ગ્રહ છે તેની અને તેની માણસ પર અસર થઇ શકે છે. ચંદ્ર ગ્રહ નહીં પરંતુ પૃથ્વીનો ઉપગ્રહ છે. રાહુ અને કેતુનું તો અવકાશમાં અસ્તીત્વ જ નથી, પછી એની અસર માણસ ઉપર કેવી રીતે થાય વગેરે કોઇ વીશયની એમને માહીતી નહોતી. યુરેનસ, નેપ્ચ્યુન, પ્લુટો જેવા અનેક ગ્રહોની તો એમને કલ્પના જ નહોતી. આ સંજોગોમાં જ્યોતીશના ઉદ્‌ભવકારો જે કહે છે એ કેવી રીતે સાચું માની શકાય ? અર્થાત્ જ્યોતીશના પાયાની આ પહેલી બાબત અર્થાત ગ્રહોની અસરની બાબત અવૈજ્ઞાનીક અને માત્ર કાલ્પનીક હોઇ તે ખોટી છે.

જ્યોતીશના પાયાની બીજી બાબત છે, મનુશ્યનો જન્મસમય. જ્યોતીશીઓ પ્રસવકાળને મનુશ્યનો જન્મસમય બતાવે છે, જ્યારે હકીકત એ છે કે જન્મસમય મનુશ્યનો ગર્ભાધાનકાળ છે. મનુશ્ય ઉપર જો ગ્રહોની અસર થતી જ હોય તો તે ગર્ભાધાનકાળથી અવશ્ય શરુ થઇ જાય. ગર્ભાધાનકાળના નવ માસ સુધી બાળક ઉપર ગ્રહની કોઇ અસર થાય જ નહીં અને તેનો જન્મ (પ્રસવ) થયા પછી જ તેના પર ગ્રહોની અસર થઇ શકે એ કેવી રીતે સાચું માની શકાય ? વાસ્તવીકતા તો એ છે કે કહેવાતા સંપુર્ણ જ્ઞાન જ્યોતીશમાં આ પ્રશ્નની કોઇ વીચારણા તેના પ્રારંભીક ગ્રંથોમાં પણ જોવા મળતી નથી. અર્થાત્ મનુશ્યના જન્મસમયમાં જ્યોતીશના જન્મદાતાઓ જબરી થાપ ખાઇ ગયા છે. જેથી એમની છેતરપીંડી ખુલ્લી પડી ગઇ છે. તાત્પર્ય એ છે કે જ્યોતીશનો બીજો પાયો કે જે મનુશ્યનો જન્મસમય છે, તે પણ ખોટો છે. વાસ્તવમાં મનુશ્યનો જન્મસમય તેનો ગર્ભાધાનકાળ છે, જે કોઇ જ્યોતીશી કદી જાણી શકે જ નહીં. આવા ખોટા પાયા ઉપર ઉભેલું જ્યોતીશ કઇ રીતે સાચું હોઇ શકે ?

'જ્યોતીશશાસ્ત્રનો અભ્યાસ વૈજ્ઞાનીક ધોરણે થવો ઘટે' એમ કહેનારા રજનીભાઇ વૈજ્ઞાનીકોએ અભ્યાસ કર્યો છે તે હકીકત કેમ ભુલી જાય છે ? વૈજ્ઞાનીકોએ જ્યોતીશીનો સંપુર્ણ અભ્યાસ કર્યા પછી જ તેના અહેવાલની નીચે જેમાં ૨૯ જેટલા તો નોબલ પારીતોશીક વીજેતા હતા અને જેમાં ભારતના એક ચંદ્રશેખર રામન પણ હતા, તેવા જગતના ૧૮૬ વૈજ્ઞાનીકોએ સહી-કરીને ૧૯૭૫ના એપ્રીલ-મેના અમેરીકાના 'હ્યુમેનીસ્ટ' મૅગેઝીનમાં પ્રસીદ્ધ કર્યો હતો. જેમાં તેમણે જ્યોતીશને અવૈજ્ઞાનીક, હમ્બગ અને છેતરપીંડીયુક્ત જાહેર કર્યું હતું. જો રજનીભાઇ આ અહેવાલને સાચો ન માનતા હોય તો વૈજ્ઞાનીક ઢબે અભ્યાસ કર્યા વીના જ્યોતીશને શા માટે સાચું માને છે ?

એમણે બે દૃશ્ટાંતો આપ્યાં છે તે પણ જ્યોતીશ સાચું હોવાની પ્રતીતી કરાવી શકતાં નથી. મણીયાર નામના

જ્યોતીશીએ જે કહ્યું કે 'હજુ તો તમે ધોળે દીવસે તારા જોશો' એમાં જ્યોતીશી તથ્ય નથી. એ વખતના તેમના કેસનો અભ્યાસ કર્યા પછી કોઇ પણ વ્યક્તી આવું કહી શકે. છુટકારા વીશે 'કંઇ કહી શકું એમ નથી' એમ કહીને મણીયારે હાથ ખંખેરી નાખ્યા છે. 'તમે છુટી જશો' એવું ચોખ્ખું કેમ કીધું નહીં ? એનું કારણ એ છે કે જન્મકુંડળીમાં આવું ચોખ્ખું કંઇ છે જ નહીં, રજનીભાઇ છુટી ગયા પછી કદાચ પેલા જ્યોતીશીના વીધાનનો મનગમતો અર્થ કરી રહ્યા છે. આવા દ્વીઅર્થી વીધાનો દ્વારા લોકોને ભ્રમણામાં રાખવા એ જ જ્યોતીશીની ખુબી છે.

બીજા જ્યોતીશી વીનુબાપાની વાતોને રજનીભાઇ તાર્કીક ગણાવે છે. વાસ્તવમાં તે કાલ્પનીક છે. રુપીયા-પૈસા ફક્ત માનવસર્જીત શા માટે ? જ્યોતીશ પ્રમાણે ગ્રહદશાનું પરીણામ શા માટે નહીં ? જન્મતારીખ, સમય, ઘડી-પળ, અક્ષાંશ-રેખાંશ બધું જ એકસરખું હોય એને અમીરી-ગરીબીમાં પ્રસન્નતા એકસરખી મળી રહે એવું કઇ રીતે સાચું માની શકાય ? એમાં એવું ન બને કે બધા જ સમાન સંજોગોમાં જન્મેલ એક શ્રીમંત અને એક ભીખારી હોય તો પેલો શ્રીમંત ભરબપોરે તેની પત્ની સાથે આનંદમાં મગ્ન હોય ત્યારે પેલો ભીખારી આ શ્રીમંતનું બારણું ખોલવાની રાહ જોતો ભુખ્યો-તરસ્યો કંઇક મળી રહેવાની આશાથી દીનવદને ઉભો હોય ? તો શ્રીમંતની પ્રસન્ન અવસ્થા વખતે પેલો ગરીબ પણ એવી જ પ્રસન્નતા અનુભવે એમ શેને આધારે માની શકાય ?

રજનીભાઇ પાકટ વયે જ્યોતીશને સ્વીકારવા માંડ્યા છે, તેના કદાચ એમની પોતાની જાણ બહારનાં અન્ય કારણે પણ હોઇ શકે છે. શરીરની સાથે મન નબળું પડ્યું હોય, જાતીવાદી માનસીકતા કારણભુત હોય, યા જ્યોતીશના કોઇ વીરોધી સાથે અણબનાવ થયો હોય તો તેના પ્રત્યેનો દ્વેશ પણ કામ કરતો હોય. યા પોતાને જ્યોતીશ અંગે જે કઇં અનુભવો થયા હોય તેમાં પોતાના તરફથી પાયાનું અજ્ઞાન હોય. આમ અનેક યા એમાંનું એક યા બે કારણો હોઇ શકે છે. બાકી વીવેકબુદ્ધીમાન વ્યક્તી જ્યોતીશને વીજ્ઞાન તો શું પણ સાચું પણ માની શકે નહીં.

અંતમાં રજનીભાઇ સરસ વાત કરે છે કે 'બ્રહ્માંડમાં કશું જ કોઇ-કાંઇ સીંગ્યુલર નથી. વાત એમની સાચી હોય તો જ્યોતીશ એ પુરુશાર્થ, પરાક્રમ, પ્રામાણીકતા અને સ્વાભીમાનયુક્ત આજીવીકાની વીરોધી યોજના હોઇ શકે છે.'

- એન. વી. ચાવડા

કડોદ, જી. સુરત, ૩૯૪૩૩૫

(૨)

અંક ૮૯ના પ્રથમ પૃશ્ઠે લોકપ્રીય સાહીત્યકાર રજનીકુમાર પંડ્યા લીખીત 'કંઇક તો છે... !' વાંચતાં વાંચતાં મને મારા આસ્તીક મીત્રોની દલીલ યાદ આવી. આસ્તીક મીત્રો નાસ્તીકોની દલીલોનો ઉત્તર આપતાં છેવટે કહે છે કે ''ભલે તમે (નાસ્તીકો) ઇશ્વરના અસ્તીત્વને ના સ્વીકારો, પરંતુ આટલા મોટા વીશ્વનું નીયમીત સંચાલન કરનાર કંઇક તો છે જ.''

ઉક્ત લેખના લેખક પણ એમ જ કહેવા માગે છે કે, ભલે રેશનાલીસ્ટો ના માને, પણ જ્યોતીશશાસ્ત્રમાં કંઇક તો છે જ. આ લેખમાં જ્યોતીશશાસ્ત્રને વીજ્ઞાન તરીકે સ્વીકારવાની અપીલ છે. આવી અપીલ જો કોઇ પૃથકજને કરી હોય તો તે ક્ષમ્ય ગણી શકાય. પરંતુ જ્યારે રજનીભાઇ જેવા સુપ્રસીદ્ધ સાહીત્યસર્જક તેમ જ મુરબ્બી રમણભાઇ પાઠક (વાચસ્પતી)ની લેખનપ્રવૃત્તીના પ્રેરક અને સાક્ષી એમ કહે કે ''સદીઓથી મોટાભાગના વીશ્વે જેનો સ્વીકાર કર્યો છે એ વીજ્ઞાનને હમ્બગ નહીં કહી શકાય. રેશનીલીસ્ટ લોકો (જેમાં હું પણ એકવાર સામેલ હતો) એ આખા શાસ્ત્રને વીજ્ઞાન માનવા તૈયાર જ નથી. મને લાગે છે કે એટલા પુરતા એ ઇરેશનલ છે'' ત્યારે તેમના પ્રત્યે નારાજગી તો નહીં, પણ દુ:ખ થાય છે.

સદીઓ સુધી મોટાભાગના વીશ્વે જેનો સ્વીકાર કર્યો હોય તેવી ઘણી માન્યતાઓ પાછળથી ખોટી ઠરી છે. દા.ત. સદીઓ સુધી એવી માન્યતા હતી કે આપણી પૃથ્વી સમગ્ર બ્રહ્માંડનું કેન્દ્ર છે; પૃથ્વી સ્થીર છે અને સમગ્ર બ્રહ્માંડ તેની આસપાસ ફરે છે, પરંતુ આ માન્યતાને કોપરનીક્સ, ગેલીલીયો અને ન્યુટને ખોટી ઠરાવી. એવી જ બીજી એક માન્યતા એવી હતી કે હલકા વજનના પદાર્થ કરતાં ભારે વજનનો પદાર્થ જમીન (પૃથ્વી) સાથે વહેલો અથડાય છે. આની પાછળ ધારણા એવી હતી કે વધુ વજનદાર પદાર્થની ઝડપ વધુ હોય. પરંતુ આ માન્યતા પણ ગેલીલીયોએ પ્રયોગો કરીને ખોટી સાબીત કરી. શુન્યાવકાશમાં જુદા જુદા વજન ધરાવતા પદાર્થોને એકસરખી ઉંચાઇએથી છોડવામાં આવે તો તે બધા જ પદાર્થો જમીનને એક જ સમયે સ્પર્શ કરે છે.

જો કુદરતના નીયમો લોકમતથી જ નક્કી કરી શકાતા હોય તો વૈજ્ઞાનીક પદ્ધતીની કે રેશનાલીસ્ટ અભીગમની આવશ્યકતા જ ક્યાં છે ? કરોડો રુપીયા ખર્ચી વીજ્ઞાનની પ્રયોગશાળાઓ અને યુનીવર્સીટીઓ શા માટે ચલાવવી ? પરંતુ રેશનાલીસ્ટો માને છે કે માત્ર આધુનીક વીજ્ઞાનની રીત (Method) જ સાચી છે; સૌથી વધુ પ્રતીતીજનક અને વીશ્વસનીય છે. વૈજ્ઞાનીક પદ્ધતી જ સંપુર્ણપણે પારદર્શક

છે. તે વ્યક્તીની લાગણીઓ, અપેક્ષાઓ કે પુર્વગ્રહોથી મુક્ત છે. વૈજ્ઞાનીક પદ્ધતી અનુભવ, નીરીક્ષણ, પ્રયોગો અને તર્ક ઉપર આધારીત છે. આવી પદ્ધતીઓ જ વીજ્ઞાનનું હાર્દ છે.

આધુનીક ખગોળવીજ્ઞાનની પહોંચ આપણા સુર્યમંડળથી અનેકાનેક ગણા મોટા અને દુરદુરના પીંડો સુધીની છે. સુર્યથી પ્રકાશને પૃથ્વી સુધી આવતાં આશરે આઠેક મીનીટ લાગે છે. પ્રકાશની ગતી ત્રણ લાખ કીલોમીટર દર સેંકડદીઠ છે. પ્રકાશની ગતીએ પંદર અબજ વર્શમાં જેટલું અંતર કાપી શકાય તેટલા અંતરમાં સમાયેલી આકાશગંગાઓ (Galaxies) અને તે પ્રત્યેકમાં સમાયેલા અબજો તારાઓ સુધીનો અભ્યાસ આજના વૈજ્ઞાનીકો કરી રહ્યા છે. તારાઓની અંદાજીત સંખ્યા ૧ (એકડા) ઉપર ૨૨ (બાવીસ) મીંડાં મુકીએ તેટલી છે. આ સંખ્યા વધી શકે છે. આપણે સામાન્ય માનવીઓ (Laymen) સમજીએ છીએ તેના કરતાં આધુનીક ખગોળ વીજ્ઞાન અનેકગણું ઉંડું, સુક્ષ્મ, વ્યાપક અને વીશ્વસનીય છે. આ જ હકીકત સમગ્ર વીજ્ઞાનને લાગુ પડે છે. જ્યાં ન પહોંચે કવી ત્યાં પહોંચે રવી એટલે કે જ્યાં ન પહોંચે કવીકલ્પના ત્યાં પહોંચે વીજ્ઞાનરુપી સુર્ય.

રજનીભાઇ પુછે છે કે ''રેશનાલીસ્ટ પણ રેશનલ તો હોવો ઘટે ને ?'' અને પછી જવાબ પણ પોતે જ આપે છે કે, ''રેશનલ એને ગણાય જેની સમજણના દરવાજા હંમેશને માટે ખુલ્લા રહેતા હોય, જેના આજના 'પરસેપ્શન'માં એક ચોક્કસ વસ્તુ અસ્વીકાર્ય લાગી હોય, અગ્રાહ્ય હોય એ આવતીકાલે ગ્રાહ્ય લાગે તો એનો આજની તારીખે સ્વીકાર કરવાની ખેલદીલી જોઇએ.''

તમામ સજીવોમાં માત્ર મનુશ્ય જ રેશનલ છે. (Man is a Rational Animal) જે રેશનલ ના હોય તે રેશનાલીસ્ટ બની જ કેવી રીતે શકે ? જે માણસ વીવેકી (નીરક્ષીરન્યાયબુદ્ધી ધરાવનાર) ના હોય તે માણસ વીવેકપંથી (Rationalist) કેવી રીતે બની શકે ? બાકી રેશનાલીસ્ટનું મન તો હંમેશાં ખુલ્લું અને પારદર્શક જ હોય. માટે જે ઘડીએ ઇશ્વરનું અસ્તીત્વ સાબીત થશે અથવા જ્યોતીશની સચ્ચાઇ સાબીત થશે તે ઘડીએ કોઇ પણ રેશનાલીસ્ટ તેનો હરખભેર સ્વીકાર કરશે, પરંતુ કોઇ વાત ભવીશ્યમાં સાચી પુરવાર થશે એવી નીરાધાર ધારણા કરીને આજની ઘડીએ તે વાતનો સ્વીકાર કઇ રીતે થઇ શકે ?

પાટણના ભૃગુસંહીતાવાંચક ખંધો કલાકાર જ્યોતીશ, અત્યંત દરીદ્ર, કંગાળ અને લાચાર વીનુબાપા અને બેજવાબદાર ગપ્પાબાજ મણીયારે તેમના ઉપર એવો તે કેવો પ્રભાવ પાડ્યો કે જેથી કરીને તેમણે કહેવું પડ્યું કે જ્યોતીશશાસ્ત્રમાં 'કંઇક તો છે !' હા, જો અન્ય કોઇ અનુભુતીને કારણે તેમને જ્યોતીશમાં શ્રદ્ધા જાગી હોય તો તે અનુભુતીને સમજવામાં રેશનાલીસ્ટોને જરુર રસ પડે.

ખેર ! સારાંશ એટલો જ કે ફળજ્યોતીશ (Astrology) વીજ્ઞાન છે જ નહીં, કારણ કે તે વૈજ્ઞાનીક કસોટીઓમાંથી પસાર થઇ શકે તેમ નથી. આ વીશય ઉપર વીસ્તૃત સમજણ આપતું પુશ્કળ સાહીત્ય ઉપલબ્ધ છે.

- લલીત નગરશેઠ
૭/૬૭, ન્યુ પીરામલ નગર, એસ. વી. રોડ,
ગોરેગાંવ (પ.), મુંબઇ-૬૨.

(૩)

'કંઇક તો છે....' શીર્શકનો લેખ ૮૯મા અંકમાં છપાયો છે. લેખકે છેલ્લે જ્યોતીશને વીજ્ઞાન તરીકે સ્વીકાર્યું તેથી નવાઇ લાગી. એમણે આજ સુધી રેશનાલીસ્ટ તરીકે સૌના મન-મગજમાં સ્થાન મેળવ્યું છે.

પુર્વજન્મમાં પોતે ભમરો હતા એવી વાતો સાંભળવા લેખકે એકાવન રુપીયા અને બે કલાક બગાડ્યા અને એ ઘટનાને 'કળા જ્યોતીશ'નો દરજ્જો આપી મનોરંજન માટે એ બરાબર છે એવું કહ્યું તે હાસ્યાસ્પદ છે.

વીનુબાપા નામના શાસ્ત્રી જ્યોતીશી હતા. બીજા એક મદ્રાસના અતીશ્રીમંત અને પ્રખર જ્યોતીશી આચાર્ય તરીકે જાણીતા બી. વી. રામન અને તેમની જન્મ તારીખ-સમય (ઘડી-પળ) અક્ષાંશ રેખાંશ બધું જ એકસરખું ને છતાં બન્નેની સ્થીતી વચ્ચે આસમાન જમીનનું અંતર હતું. આમાં ખુલાસો એવો અપાયો છે કે જન્મકુંડળીમાં રુપીયા-પૈસાના જથ્થા લખાયા નથી હોતા. વીનુબાપાને તેમની પાંચ રુપીયાની ફીમાં જેટલી સંતુશ્ટી છે એટલી જ સંતુશ્ટી રામન પાંચ હજાર ફી લઇને મેળવે છે ! બન્નેના મકાનનું નામ રાજેશ્વરી છે. બન્નેની આજીવીકા જ્યોતીશ છે. આમ ઘડી-પળ, અક્ષાંશ-રેખાંશ મળતા આવતા હોવાથી બન્ને એક જ સરખા સંતુશ્ટ છે અને પ્રસન્ન છે એવું પ્રતીપાદન કરવામાં આવ્યું છે. અહીં એ પુછવાનું મન થાય છે કે વીનુબાપા સાવ કંગાળ અવસ્થામાં જીવન ગુજારે છે. તેમને અપંગ પુત્ર છે. પત્ની ગાંડી છે. આમ છતાં પ્રસન્નતાથી જીવે છે ? વીનુબાપાને આખા દીવસમાં રડ્યોખડ્યો એકાદો ગ્રાહક માંડ મળ્યો હોય અને રામનને તે દીવસે ટંકશાળ પડી હોય તોય પ્રસન્નતા બન્નેને એકસરખી ? વળી, એવી માહીતી લેખકે ક્યાંથી મેળવી ?

પોતાની પ્રતીભા ઉપસાવવા માટેનો વીનુબાપાનો એ સ્વયંપ્રચાર ના હોઇ શકે ! જો આવું હોય તો તેમની જાળમાં પ્રખર બુદ્ધીમંતો ફસાય અને લેખ વાંચનારાઓ પણ લલચાય એ ચીંતાજનક ના ગણાય ?

રતીક્રીડાથી મળતું સુખ અબજોપતીને મળે છે એવું જ સુખ એક લારી ખેંચતા મજુરને પણ મળે છે, એવી દલીલથી વીનુબાપાએ લેખકને વશ કરી લીધા એમ ના માની શકાય ?

પોતે બૅન્ક મૅનેજર હતા ત્યારે બીનધંધાદારી જ્યોતીશી પાસે ગયા હતા. લઇ જનારો તેમનો જ મીત્ર હતો. આથી આ બીનધંધાદારી જ્યોતીશી અગાઉથી બધી વીગતો જાણી ચુક્યો હોય અથવા પહેલેથી જ ઓળખતો પણ હોય ! બૅન્કની નોકરી અને મોટી રકમની ઉચાપતનો મામલો તેને અતી ગંભીર લાગ્યો હોય તેથી તે 'ધોળે દીવસે તારા દેખાશે' એવું અનુમાન કરે તેની નવાઇ ના ગણાય. નવાઇની વાત એટલી ખરી કે, લેખક પછી પેલાને પુછે છે : 'પછી છુટકારો ?' ત્યારે આ બીનધંધાદારી મહાશય જવાબમાં કહે છે કે, 'કંઇ કહી શકું એમ નથી.'

પુછવાનું મન થાય છે કે, 'પછી શું થવાનું છે ?' એ ન કહી શકનારાને જ્યોતીશી કહેવાય ? મીનાકુમારીના અવસાનના દીવસે અસલ ગુનેગાર ઝડપાઇ જવાનો છે એ તેને એ વખતે ન દેખાયું ? આ બધું સ્વયંસ્પશ્ટ હોવા છતાં ઉદાહરણો આપી આપીને જ્યોતીશીને કંકુ-ચોખા કરીને જ્યોતીશશાસ્ત્રની તરફેણ કરી તેને વીજ્ઞાનના દરજ્જે મુકવાની વાત ચીંતાજનક ગણી શકાય.

- જમનાદાસ કોટેચા
માનસ પ્રદુશણ નીવારણ કેન્દ્ર,
જોરાવરનગર-૩૬૩૦૨૦.

(૪)

'વીવેકપંથી'માં રજનીકુમાર પંડ્યાનો લેખ 'કંઇક તો છે...' વાંચીને આશ્ચર્ય અને ચીંતા થયાં.

જમનાદાસ કોટેચાના હીસાબે હું રજનીકુમારના પરીચયમાં આવ્યો હતો. એક સંન્નીશ્ઠ રેશનાલીસ્ટ તરીકે હું જેમ રમણ પાઠકને તથા યાસીન દલાલને માનતો એ જ રીતે રજનીકુમારને પણ સમ્માન અને આદર સાથે રેશનાલીસ્ટ માનતો હતો. રજનીકુમારની સાથે રહીને અમે બન્નેએ પરલોકના આત્માઓ સાથે વાતચીત કરાવી આપવાનો દાવો કરનારા પ્રતીશ્ઠીત ડૉક્ટર એચ. એલ. ત્રીવેદીના અમેરીકાવાળા ભાઇ કાર્તીક ત્રીવેદીનો પર્દાફાશ પણ કર્યો હતો કે જેનું 'પરલોકના પૈગામ' નામે પુસ્તક પ્રગટ થયું છે.

રજનીકુમાર ભુતકાળમાં ક્યારેય રેશનાલીસ્ટ હતા જ નહીં. પોતે પોતાની વીટંબણાઓ વખતે ભુતકાળમાં અનેક જ્યોતીશીઓને મળી ચુકેલા હોય તેમ જ કવચીત પ્રસંગે પોતાના માટે હોમ, હવન કે યજ્ઞ જેવી ઇતર પ્રકારની પ્રવૃત્તીઓ પણ કરાવેલ હોય તેને રેશનાલીસ્ટ કહેવાય નહીં. આવા કોઇ માણસો સાચું સમજાતાં પાછળની જીંદગીમાં રેશનાલીસ્ટ બની જાય એ આવકારવાલાયક લક્ષણ ગણાય. જેમ કે હું પોતે પણ મારી ૪૦ વર્શની ઉંમર સુધી પુરેપુરો શ્રદ્ધાળુ જ હતો. જ્યારે રજનીકુમાર તો પોતે રેશનાલીસ્ટ સામેલગીરીમાંથી હવે મુક્ત થઇ ગયા છે, એમ જાહેર કરે છે.

'વીવેકપંથી' વારંવાર પોતાની તટસ્થ નીતીથી વીરુદ્ધ વીચારો પણ છાપે છે, પરંતુ આધ્યાત્મ અને ધર્મના પ્રચારના હેતુસર છપાતા કોઇ પણ પુસ્તક, સામયીક કે અખબારમાં મંત્ર-તંત્રની નીરર્થકતા અને વાહીયાતતા દર્શાવતા કોઇ લેખ છપાય છે ખરા ? જ્યોતીશવીદ્યાને પુરસ્કૃત કરે એવાં લખાણો પણ છપાય તે ચીંતાજનક ગણાશે.

રજનીકુમાર એક તબક્કે રેશનાલીસ્ટ ન હોય, બીજા કોઇ એક તબક્કે તેઓ એક સમર્થ, મક્કમ અને મહાન રેશનાલીસ્ટ મનાવા લાગે અને પછી પાછા રેશનાલીસ્ટોની જમાતમાંથી ખસી જાય એ અંગત વાત ગણાવી જોઇએ.

જ્યોતીશ બાબતે 'કંઇક તો છે...' જેવા લેખો પ્રગટ કરવાનું પ્લેટફોર્મ 'વીવેકપંથી' બને એ આપત્તીજનક ગણાય. હા. લેખના વીરોધમાં વાચકો પોતાને કહેવું હોય તે જરુર કહી શકે. કેમ કે આખરે તો 'વીવેકપંથી' રેશનાલીઝમના પ્રચાર માટે પાટલે બેઠેલું માધ્યમ છે.

- દલસુખભાઇ મકવાણા
જોરાવરનગર-૩૬૩૦૨૦.

(૫)

ના, કઇં જ નથી... ! લેખક તરીકે આદરણીય રજનીકુમાર મોડા-મોડા રેશનાલીસ્ટ ચળવળમાં જોડાયા અને વહેલા-વહેલા વીદાય થયા. તેઓ જોડાયા તે સુખદ અકસ્માત, તેઓ ગયા તે દુ:ખદ અકસ્માત. જ્યારે ખગોળશાસ્ત્ર અને જ્યોતીશ (કુ)શાસ્ત્ર સેળભેળ ચાલતાં હતાં ત્યારે રજનીકુમાર જેવા લોકો માનતા હતા, 'કંઇક તો છે... !' પરંતુ જ્યારે ખગોળશાસ્ત્ર જુદુ પડ્યું-ક્યાંયનું ક્યાંય પહોંચી ગયું, વીજ્ઞાન સાબીત થયું જ્યારે જ્યોતીશમાં અનુમાનો સીવાય કંઇ જ ના હોવાથી વીજ્ઞાનનો દરજ્જો ના મળ્યો. આદરણીય ભાઇ ઍસ્ટ્રોનૉમી અને ઍસ્ટ્રોલૉજી વચ્ચેનો ભેદ સમજે તો સારું.

જ્યોતીશનો આખી દુનીયમાં સ્વીકાર થયો છે માટે સાચું માનો, તેમ લેખક માનતા હોય તો પૃથ્વી ફરતી નથી તેમ દુનીયાના ધર્મગ્રંથો માનતા હતા, જે ખોટા પડ્યા છે. સમુદ્રમાં ભરતી-ઓટ આવે, પરંતુ પ્રાણીઓના શરીરમાં સીત્તેર ટકા પાણી હોવા છતાં ના આવે કારણ પ્રાણીઓના શરીરમાં પાણી કે લોહીનાં ખાબોચીયાં ભરેલાં નથી. લોહી ધીરે ધીરે ઝમે છે. વીર નર્મદ નાસ્તીક હતા, રેશનાલીસ્ટ ન હતા, રેશનાલીસ્ટ હોય તે સો ટકા હોવો જોઇએ, જે રજનીકુમાર નથી.

- ચતુર ચૌહાણ (વીવેક બુદ્ધીવાદી)
૪-એ, અચલ રેસીડન્સી વીભાગ-૨, ચાંદખેડા, અમદાવાદ-૨૪

સત્યશોધક સભા-સુરતના ઝીંદાદીલ ઉપપ્રમુખ

તંત્રીની તા. ૧૪-૯ની સુરતની વીચારગોશ્ઠીના અંતે સત્યશોધક સભાના ઉપપ્રમુખ મધુભાઇ કાકડીયાએ તસવીરી પુરાવા, દસ્તાવેજી પુરાવા તથા તારીખ-વારની તપશીલ સાથેના કેટલાક કાગળો તંત્રીના હાથમાં મુક્યા હતા, જેની રોમાંચકતા સ્વયંસીદ્ધ છે. કેમ ? ચાલો જોઇએ.

રાંદેર-સુરતના પોલીસ ઇન્સ્પેકટરને ૨-૪-૦૯નો પત્ર

લેખીત ફરીયાદમાં છેતરાયેલા લોકોની રકમો પાછી મેળવી આપવામાં પોલીસની મદદ માંગવામાં આવી છે, જેમાં આગલો કીસ્સો આ પ્રમાણે જણાવાયેલ છે.

સત્યશોધક સભાના ઉપપ્રમુખે નારણભાઇ સુખારામ ચૌધરી તરફથી મળેલી ફરીયાદના આધારે દરોડો પાડીને ગાયત્રી ભગત શાંતીલાલ શકુભાઇ દવેના ધતીંગ બંધ કરાવી ફરીયાદીને તેની રુ. ૮૦૦૦ની રકમ પાછી અપાવી છે.

આના જ અનુસંધાને નવા ફરીયાદી અશોક વાઘેલા તેમજ કસારામ કૃપારામ ચૌધરી અનુક્રમે રુ. ૧૦,૦૦૦ અને ૫૦૦૦માં છેતરાયા છે તેમની રકમો પાછી અપાવવામાં સ. સભાને પોલીસ સહકાર આપે.

મોટા આંકડીયાના કાળુરામ બાપુનો પડદો ચીરાયો

તમામ દર્દો ચમત્કારથી દુર કરતા તેમ જ સેવીકા તરીકે કુંવારી બાળાઓને સેવામાં રાખતા મોટા આંકડીયાના કાળુરામ બાપુ વીરુદ્ધ ગોંડલના ભગુભાઇ હુમરે સત્યશોધક સભાને ફરીયાદ કરી.

ફરીયાદમાં જણાવાયું કે તેમની ત્રણ કુંવારી પુત્રીઓ સુમીતા ઉ.વ.૨૭, ચેતના ઉ.વ. ૨૫ અને કૈલાસ ઉ.વ. ૨૩ને કાળુરામ બાપુએ છ-એક મહીનાથી ભોળવીને પોતાની સેવામાં રાખી છે. બાપુ જાહેર જનતાને કહે છે કે આ ત્રણે છોકરીઓ મુંગી હતી તેને તેમણે બોલતી કરી છે.

ઉપપ્રમુખ મધુભાઇ પાસે છોકરીઓના નીકટનાં સગાંઓ ફરીયાદ લાવ્યા હતા અને કહેતા હતા કે અનેક કાકલુદીઓ છતાં બાપુ છોકરીઓને છોડતા નથી.

સભાના પ્રયત્નોથી છોકરીઓ છુટી તો થઇ, પણ અનેક કડવા અને વરવા અનુભવો છતાં અંધશ્રદ્ધાળુઓની આંખ કેમ ઉઘડતી નથી તેનું સભાને દુ:ખ છે.

મંદા ધંધાને ધીકતો કરવા

તા. ૧૪-૫-૦૯ના પત્રથી ભનુભાઇ લક્ષ્મણભાઇ પટેલે સત્યશોધક સભાને ફરીયાદ કરી કે તેનો મંદો પડતો જતો ધંધો ધીકતો કરવાની લાલચે એમણે જોરદાર જાહેરાતો કરનાર ગુરુકૃપા જ્યોતીશના દુકાનદાર વીનોદભાઇ જ્યોતીશનો સંપર્ક કર્યો હતો.

આ જ્યોતીશી માત્ર ફોટો જોઇને ૧૫૧ ટકા લેખીત ગૅરંટી સાથે કોઇ પણ સમસ્યાનો ઉકેલ લાવવાનો દાવો કરતો હતો. ૧૨ કલાકમાં પરીણામની એ ખાતરી આપતો હતો અને ખોટું સાબીત કરનારને મોં માગ્યું ઇનામ આપવાની પણ જાહેરાત કરતો હતો.

ભનુભાઇ પોતાની સમસ્યા લઇને ગયા એટલે તબક્કાવાર કુલ રુપીયા ૬૫૧૫૧ પડાવી લીધા બાદ જ્યોતીશીએ કહ્યુ કે રુપીયા એક લાખનો એક એવા ત્રણ સીદ્ધીયંત્રો કાશીથી મંગાવવાં પડશે. હવે તેટલી તો ભનુભાઇની ત્રેવડ રહી નહોતી.

ફરીયાદ મળતાં મધુભાઇની ટીમે છટકું ગોઠવ્યું. એક પીડીત નારી તરીકે ગીતાબેન આંબલીયાને એક સમસ્યા સાથે મોકલ્યાં. 'મારા પતી બે દીવસથી ગુમ થયા છે અને હું ગભરાઇ ગઇ છું.'' સંવાદ દરમીયાન છુપું રેકોર્ડીંગ ચાલુ હતું. ''તમારા પર ખુબ મોટી મેલીવીદ્યા અજમાવવામાં આવી છે. છુટકારાની વીધી નહીં કરાવો તો તમારા પતીનું મોત પણ થઇ શકે છે.'' જ્યોતીશીએ કહ્યું, વીધીનો ખર્ચ રુ. ૫૦,૦૦૦.

અને યોગ્ય સમય જોઇને ગીતાબેનના પતી અશ્વીનભાઇ સહીત સભાની ટીમ ત્રાટકી. ટીમમાં મધુભાઇ ઉપરાંત રવજીભાઇ કાબરીયા, પરેશ લાઠીયા અને વીનુભાઇ પ્રજાપતી હતા.

ગભરાયેલા જયોતીશી વીનુભાઇના પગે પડી ગયા. પોતાનાં કરતુતોની લેખીત માફી સ્ટેમ્પ પેપર પર લખી આપી, જેમાં ભનુભાઇના ૬૫૧૫૧ પણ પાછા આપવાની કબુલાત હતી. ગીતાબેનની સાથે જ ત્યાં ગયેલા એક હીન્દીભાશી યુવાને આપેલા રુ. ૫૦૦ પણ સભાએ પાછા અપાવ્યા.

નીસંતાન સ્ત્રીને સંતતીની લાલચ આપતો હતો

કતારગામ વીસ્તારની રંગઅવધુત સોયાયટીમાં ગોપાલભાઇ ભગવાનભાઇ પ્રજાપતી નામનો માતાજીનો ઉપાસક ગુરુકૃપાથી કોઇ પણ સમસ્યાનો ઉકેલ લાવી દેવાનો દાવો કરી છેતરપીંડી કરતો હતો.

સંતાનભુખી નીસંતાન સ્ત્રીના ચોક્કસ ભાગ ઉપર ભસ્મ ચોળી દઇને એ પોતાની મનોવીકૃતી પોશતો હતો.

એક મહીલાની ફરીયાદ પરથી મધુભાઇ સાથે કૉર્પોરેટર રાઘવજી ગાયકવાડી, ઍડવૉકેટ તુશાર વૈશ્ણવ, અશ્વીન રાવળ, રવજી કાબરીયા વગેરેની ટીમે પ્રપંચીનો પર્દાફાશ કર્યો.

ઢોંગીને ફસાવવા પોતાની પત્ની ભાગી ગઇ છે અને પોતે નીસંતાન હોવાથી સંતાનની ઝંખના લઇને તુશારભાઇ રજુ થયા હતા. તાંત્રીકે એક મંત્રેલી પડીકી ખીસ્સામાં રાખવા આપી, જેના પ્રતાપે ત્રણ દીવસમાં પત્ની પાછી આવી જશે તેને લઇને આવજો એમ કહ્યું.

અને મધુભાઇ વીફર્યા, ''તમે કયા આધારે કહી શકો કે પત્ની પાછી આવી જશે ?'' જુસ્સો જોઇને તાંત્રીક ગભરાયો અને હકીકત કબુલી લઇને ધંધો બંધ કરવાની ખાતરી સાથે માફી લખી આપી.

જાથા

સ્વર્ણીમ ગુજરાત અંતર્ગત સુદામા ચોક પોરબંદરમાં

''સુર્યમાળામાં સૌથી આકર્શક ગ્રહ શની છે, જે ૧,૨૦૫૩૬ કીલોમીટરનો વ્યાસ ધરાવે છે અને મુખ્યત્વે હાઇડ્રોજન વડે રચાયો છે. આ ગ્રહને આશરે ૯,૬૦,૦૦૦ કીલોમીટરનો વ્યાસ ધરાવતા ૩૦૦૦ વલયો છે. વલયોનો વીશાળ પટ્ટો ૧.૫ કીલોમીટર જાડો છે. શનીનો આખો ગોળો નારંગી અને પીળા રંગનો દેખાય છે. તેની આસપાસ કલાકના ૧૦૦૦ કીલોમીટરની ઝડપે પવન ફુંકાતો રહે છે. શનીના ઘણાખરા ઉપગ્રહો બરફ અને ખડકોના બનેલા છે. સુર્યથી તેનું અંતર ૧,૪૨,૬૯,૭૮,૦૦૦ કીલોમીટર છે. સુર્ય ફરતે પ્રદક્ષીણા કરતાં તેને ૩૦ વર્શ લાગે છે, જે પ્રદક્ષીણા વખતે તેનો વેગ કલાકના ૩૪,૭૦૦ કીલોમીટર હોય છે'' શની વીશે આટલી વૈજ્ઞાનીક માહીતી આપ્યા પછી જાથા અધ્યક્ષ જયંત પંડ્યાએ કહ્યું હતું, ''જો આંખ અને મગજ કામે લગાડો તો સમજી શકો કે શનીના નંગની વીંટી, હોમ-હવન, નીવારણ મંત્રો એ બધું નર્યું ડીંડક જ છે.''

પંડ્યાએ સ્વર્ણમ ગુજરાત અંતર્ગત પોરબંદરના સુદામા ચોકમાં એકઠી થયેલી મેદનીને ઉપરોક્ત સંબોધન કર્યું હતું. કાર્યક્રમનું ઉદ્ઘાટન કલેક્ટર એમ. વી. પરમારે કર્યું હતું અને નગરપાલીકા પ્રમુખ સુનીલ ગોહીલ, ઉપપ્રમુખ ધીરુભાઇ ઠકરાર, કારોબારી ચૅરપર્સન સવીતા કુહાડા, ચીફ ઑફીસર કે. એચ. ગોરડીયા, સેક્રેટરી ધનજી આર્ય અને નીમેશ પંડ્યા સહીત અનેક કૉર્પોરેટરો આ આયોજનમાં ઉપસ્થીત હતા.

રાજકોટની એસ. એન. હાઇસ્કુલમાં

ઉપરની સ્કુલમાં 'ચમત્કારથી ચેતો' કાર્યક્રમની સમજણ શાળાના વીદ્યાર્થીઓને આપવામાં આવી હતી અને વૈજ્ઞાનીક અભીગમ પણ સમજાવવામાં આવ્યો હતો. અહીં વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઇને જ્યોતીશના જોડીયા ભાઇ ગણાવીને જાણ કરવામાં આવી હતી કે ફેંગશુઇ જ્યાંથી આવ્યું છે તે ચીનમાં તેના પર છેતરપીંડી ગણીને પ્રતીબંધ લાદવામાં આવ્યો છે.

શાળા સંચાલક કીરણ પટેલ, ઉમા મેડમ, સેકન્ડરી હેડ જયેશ, કૃપાબેન વેગરેએ કાર્યક્રમમાં સારો સાથ આપ્યો હતો. વીદ્યાર્થીઓએ પુછેલા પ્રશ્નોના વૈજ્ઞાનીક ઢબે ઉત્તરો આપવામાં આવ્યા હતા.

ખગોળરસીકોએ ધોરાજીમાં આકાશદર્શન કર્યું

ઑક્ટોબર-નવેમ્બર દરમીયાન દુનીયા આખીમાં ઉલ્કાવર્શાનો અદ્ભુત નજારો જોવા મળવાનો હોઇને ધોરાજીના લોકોને ટેલીસ્કોપ વડે વ્યાપક પ્રમાણમાં આકાશદર્શન કરાવવામાં આવ્યું હતું.

ખગોળશાસ્ત્રી અને ક્ચ્છ એસ્ટ્રોનૉમી ક્લબના નીયામક નરેન્દ્ર ગોરે ખાસ હાજરી આપી આકાશગંગા વીશેની વીસ્તૃત માહીતી આપી હતી.

અધ્યક્ષ જયંત પંડ્યાએ કહ્યું હતું કે, ''વર્શ દરમીયાન ૧૯ જેટલી ઉલ્કાવર્શા થાય છે, જેના કારણમાં ધુમકેતુઓ હોય છે. ૧૦મી ઑક્ટોબરે ડ્રકોનીડ્સ ઉલ્કાવર્શા અને ૧૮થી ૨૬ એરીયોનીડ્સ ઉલ્કા વર્શા જોવા મળશે. ૨૨મીએ મહત્તમ ઉલ્કાવર્શાનો સંભવ છે. એજ રીતે ૧લી નવેમ્બરે ડોરીડ્સ અને ૧૪મીથી ૨૦મીએ લીઓનીડ્સ જોવા મળશે. સામાન્યપણે કલાકની ૧૦થી ૩૦ અને અમુક અમુક સ્થળે ૩૦થી ૬૦ ઉલ્કાવર્શા સંભવીત છે. જેમને ઉલ્કાની સમજણ નહીં હોય તેવા લોકો આકાશમાં રંગબેરંગી લીસોટા પડતા જોઇ શકશે પણ તેનાથી ભયભીત થવાનું કોઇ કારણ નથી. આ અદ્ભુત નૈસર્ગીક નજારો જ હશે.''

ધોરાજીના સ્થાનીક કન્વીનર વીનોદ વામજા કૉલેજ ગ્રાઉન્ડમાં આકાશદર્શનનો કાર્યક્રમ યોજીને જબરી માનવમેદની એકઠી કરી શક્યા હતા.

૧૫૦ ફુટ રીંગરોડ પર તથા રૈયા સર્કલ પાસે ટેલીસ્કોપ ગોઠવી રાહદારીઓને આકાશદર્શન કરાવવામાં આવ્યું હતું.

પ્રતાપ જાદવ, દીનેશ હુબલ દેવરાજ ભોજાણી, ઍડવૉકેટ ભાવના વાઘાણી, ફીરોઝ પઠાણ, નીર્ભય જોશી, પ્રમોદ પંડ્યા વગેરેની જાથા ટીમે પ્રભાવી પરીણામ આણી બતાવ્યું હતું.

રોજકોટમાં ત્રીવીધ કાર્યક્રમ

એમ.વી.એમ. આર્ટસ્ કૉલેજ રાજકોટમાં ૧૦૦૦ જેટલી છાત્રાઓએ અંધશ્રદ્ધા નીવારણ અને 'ચમત્કારોથી ચેતો' કાર્યક્રમો પત્રકારો અને અધીકારીઓ સાથે મળીને જોયા અને પર્યાવરણ જાળવણીના શપથ પણ લીધા.

અધ્યક્ષ જંયત પંડ્યા અને કૉલેજના પ્રીન્સીપાલ મહેશભાઇ ત્રીવેદીના હસ્તે ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેક્ટર દીગ્વીજયસીંહ વાઘેલા, ટ્રાફીક પોલીસ ઇન્સ્પેક્ટર રાજેન્દ્રસીંહ ગોહીલ, ઇન્સ્પેક્ટર એમ. વી. વ્યાસ, તાલુકા ઇન્સ્પેક્ટર સી. પી. ગોસાઇ અને ડીએનએના પત્રકાર ધીમંત કારીઆનું મોમેન્ટો આપીને સમ્માન કરવામાં આવ્યું. સમ્માનીતોએ વળતો આભાર પ્રદર્શીત કર્યો હતો. કાર્યક્રમનું ઉદ્ઘાટન દીગ્વીજયસીંહ વાઘેલાએ કર્યું હતું.

૬૦૦ બોકળાની બલી ચડાવનાર ભુવો

ગોંડલના કેશવાળા ગામના એક ખેતરમાં માતાજીની માનતાના નામે પાંચ શખ્સોએ બોકળાની બલી ચડાવી અને ભુવાએ લોહીનો છંટકાવ કરીને લોહીનો પ્રસાદ આરોગ્યાની માહીતી મળતાં જાથાએ પોલીસસ્ટેશનમાં ગુનાની નોંધ કરાવી.

જાથાને ખબર પહોંચાડનાર પરશોત્તમ ચનાભાઇના કહેવા પ્રમાણે તેનું ખેતર કેશવાળા ગામના પાદરે છે, જ્યાંથી નજીક મેલડીમાતાનું સ્થાનક છે. મારા એક સગાએ અમુક લોકોને બોકળા સાથે છકડામાં જતા જોઇને મને ખબર આપી અને અમે છકડાની પાછળ પાછળ ચાલ્યા. નદીનું વહેણ જોરમાં હતું તેથી એ લોકોએ મારા ખેતરમાં જ બોકળો વધેરી નાખ્યો હતો.

જાથાની તપાસમાં પછીથી જાણવા મળ્યું હતું કે આ રીતે ૬૦૦ જેટલા બોકળાનો બલી ચડાવાયો છે, પણ મેલડીમાતાની આણ હોવાને કારણે લોકો મુંગા છે.

જુલાઇનું ખગ્રાસ સુર્યગ્રહણ

વરસાદી વાતાવરણના કારણે દેશના વ્યાપક વીસ્તારોમાં ખગ્રાસ ગ્રહણ જોઇ શકાયો નહોતો. જાથાની રાશ્ટ્રીય કચેરીના ચૅરમૅન યશપાલની આગેવાનીમાં ૪૦૦ શાળાઓમાં ગ્રહણ અંગેની ગેરમાન્યતાઓનું ખંડન કરતા કાર્યક્રમો યોજાયા હતા.

વારાણસીમાં ગ્રહણની ડાયમંડ રીંગ સ્પશ્ટ જોઇ શકાઇ હતી અને ગ્રહણ દરમીયાન ત્યાં થોડા સમય માટે અંધકાર વ્યાપી ગયો હતો.

રાજકોટમાં રાજ્ય કક્ષાનો કાર્યક્રમ અંકુર વીદ્યાલયમાં યોજવામાં આવ્યો હતો, જેમાં ગ્રહણ અંગેની ગેરમાન્યતાઓનું તર્કશુદ્ધ રીતે ખંડન કરવામાં આવ્યું હતું. આ જાતનું આયોજન રાજ્યનાં ૫૦૦ જેટલાં શહેરોમાં કરવામાં આવ્યું હોવાનું જણાવવામાં આવ્યું છે.

રાજકોટના ગજ્જર સમાજમાં લોકજાગૃતી

ગજ્જર સોશીયલ ગ્રુપ અને ગુર્જર જ્ઞાતી સમાજના ઉપક્રમે જાથાના અંધશ્રદ્ધા નીર્મુલન અને 'ચમત્કારોથી ચેતો' કાર્યક્રમો સંપન્ન થયા, જેમાં શુભ-અશુભ ચોઘડીયાં, પુર્વજન્મ-પુનર્જન્મ અને ઇશ્વર વીશેની ભ્રમણાઓનું તાર્કીક રીતે નીરસન કરવામાં આવ્યું હતું. 'ચમત્કારો તો માત્ર વીજ્ઞાન જ કરી શકે' તેવું પ્રતીપાદન પણ કરવામાં આવ્યું હતું.

સમાજના ઉદ્યોગપતી અમુભાઇ ભારદીયા, કીશોરભાઇ ખંભાયતા, પ્રમુખ અશોક વડગામા, ભરત ખારેચા, સુનીલ સીદ્ધપુરા અને ભુપતભાઇએ વૈજ્ઞાનીક વીધીથી કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું.

જ્ઞાતી અગ્રણી અમુભાઇ ભારડીયા, અશોક ખારેચા વગેરેએ અંધશ્રદ્ધા પર ચાબખા વીંઝ્યા હતા.

જયંત પંડ્યાએ જન્મસમયે બનાવાતી કુંડળીને બકવાસ ઠેરવી હતી.

જ્યોતીશીની પોલ છાત્રોએ ખોલી

રાજકોટ યાજ્ઞીક રોડ પરના મણી કૉમ્પલેક્સમાં આવેલા જલારામ પબ્લીસીટીમાં વ્યાપક જાહેરાતો આપી, ત્યાં જ મુકામ કરી બજરંગ જ્યોતીશશાસ્ત્રી મહેશ શર્મા લોકોને લલચાવતો હતો. કોઇકને મેલીવીદ્યાની તો કોઇકને કોર્ટ-કેસમાં વીજય મેળવવાની લાલચ હતી. છુડાછેડા, ગુપ્ત ખજાના અને પરીક્ષામાં ઉંચા માર્ક મેળવી આપવાનો પણ આ શર્માજીનો દાવો હતો.

જાથા કહે છે કે આવા દાખલામાં લોકોએ ફરીયાદ કરવી જોઇએ પણ કોઇ કરતું નથી. આ જ્યોતીશી રુ. ૫૦૦થી ૧૦,૦૦૦ સુધીની રકમ પડાવે છે.

એક દીવસ સરકારી કૉલેજના છાત્રો શાસ્ત્રી પર ધસી ગયા ત્યારે એક દંપતી ચુકવેલા રુપીયા પાછા મેળવવા માટે રકઝક કરી રહ્યું હતું. છાત્રો આક્રમક થયા અને જ્યોતીશીની પોલ ખુલી ગઇ.

ધોરાજીના લોકમેળામાં

લોકમેળા સમીતી, ધોરાજીના મામલતદાર, નગરપાલીકા કચેરી તથા સ્વ. મહેશ બગા ફાઉન્ડેશનના ઉપક્રમે

જન્માશ્ટમી મહોત્સવ અંતર્ગત વીજ્ઞાન જાથાનો જાહેર કાર્યક્રમ યોજાયો હતો, જેમાં છેલ્લાં ૫૦૦ વર્શથી ધર્મ અને વીજ્ઞાન વચ્ચે ચાલ્યા આવતા સંઘર્શ પર ચર્ચાઓ થઇ હતી.

કાર્યક્રમનું ઉદ્‌ઘાટન ભરતભાઇ બગડાએ કર્યું હતું અને પત્રકાર કીશોર રાઠોડે જાથાની પ્રવૃત્તીઓને બીરદાવી હતી. મામલતદાર રંજબેન ભટ્ટે મહીલાઓમાં જાગૃતી જરુરી હોવાનું જણાવ્યું હતું.

પ્રવીણ રોઠડ, રણજીત બગડા, અશોક સૌદરવા, નંદલાલ પાનસુરીયા, દલસુખ પટેલ વગેરેએ પ્રાસંગીક ઉદ્‌બોધન કર્યું હતું.

રાજ્યવ્યાપી અભુતપુર્વ આયોજન

જાથાએ આ કાળીચૌદસે રાજ્યનાં ૪૫૦ નગરોમાં કાળીચૌદસની ઉજવણી કરવાનું અભુતપુર્વ આયોજન ગોઠવ્યું હોવાનું જયંત પંડ્યાએ જણાવ્યું છે. ધનતેરસના પણ જાગૃતીના કાર્યક્રમો થશે.

મારી અંતીમ ઇચ્છા

સ્નેહી ગુલાબભાઇ,

૯૦મા અંકમાં ચર્ચાયેલા વસીયતનામા અંગે આજે (તા. ૨૬-૯) આપણે ફોન પર વાત થઇ તેનો આનંદ છે.

મારા મૃત્યુ વીશે અંગદાનનું મેં વીચારેલ નથી. બાકી પરાણે જીવીત રહેવું નહીં તેવી તો મારી પણ ઇચ્છા ખરી જ. મેં અને અનીલભાઇએ સાથે બેસીને 'અંતીમ વ્યવસ્થા'ની નોંધ લખી છે. (નકલ સામેલ છે). અનીલભાઇ તો જતા રહ્યા છે, પણ તેમની જેમ મારી ઇચ્છા પણ ઇલેક્ટ્રીક સ્મશાને દાહ દેવાય તેવી છે. વધુમાં નીચે પ્રમાણે ઇચ્છું છું.

૧. મારા મૃતદેહનાં કપડાં બદલવાં નહીં.

૨. તેને નવડાવવું નહીં.

૩. રામ બોલો જેવાં ધાર્મીક સુત્રો પોકારવાં નહીં.

૪. સ્નેહીઓને સારી લાગે તેવી વાદ્યસંગીતની કેસેટ સ્મશાનયાત્રા વખતે મુકી શકાય.

૫. બેસણું તો રાખવું જ નહીં.

૬. છાપામાં જાહેરાત દઇ દેવી, જેથી સ્નેહીઓને મારા મૃત્યુની જાણ થાય.

- ઇન્દુબેન અનીલ શાહ
૪૦૧-સી, પ્રેસ્ટીજ ટાવર,
જજ બંગલા પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫.

મંતવ્ય

'વીવેકપંથી' જોઇજોઇને પગલાં મુકે

'મોરારીદાસના ગુરુકુળમાં મીશ્ટાનો જમતાં જમતાં 'સદ્‌ભાવના'ની વાતોનાં વડાં કરવાં સહેલાં છે; પરંતુ નાગા રાજાને નાગો કહેવાનું સહેલું નથી' એવી પ્રા. જે. પી. મહેતાની જુલાઇ-૦૯ના 'વીવેકપંથી', પાના ૨૬/૨૭ની વાત એકદમ સાચી અને સચોટ છે. ગુલાબ ભેડા અને ડંકેશ ઓઝા જેવા કેટલાક રેશનાલીસ્ટો મોરારીબાપુની કથાનાં પ્રસારણો જોવા-સાંભળવાનું પણ રાખે. - જો ન જોતા-સાંભળતા હોય તો - અને મોરારીબાપુનાં સારાં કાર્યો-વીચારોની તેઓ જેમ પ્રશંસા કરે છે, તેમ સંકુચીત વીચારોની આલોચના પણ કરતા રહે તો સારું. એકલી પ્રસંશા ખુશામત ગણાય, જે માત્ર સમાજ માટે જ નહીં, પરંતુ મોરારીબાપુ માટે પણ ઠીક ગણાય નહીં.

મોરારીબાપુની કથાના જીવંત અને રેકોર્ડેડ કાર્યક્રમો હું ઘણીવાર જોઉં છું. તેમના ઘણા વીચારો અતી ઉત્તમ, ઉમદા અને મહાન હોય છે. સાથે સાથે ઘણા વીચારો એટલા બધા સંકુચીત હોય છે કે જે સાંભળતાં ડૉ. આંબેડકરનું આ વીધાન યાદ આવી જાય છે. **'હીન્દુ ઉદારમતવાદીઓના એક હાથમાં દર્શન અને બીજા હાથમાં મનુસ્મૃતી છે. એમના એક હાથને ખબર નથી કે એમના બીજા હાથમાં શું છે'** મોરારીબાપુને સાંભળતાં મને આવી જ અનુભુતી થતી હોવાથી એમને વધારે વખત સાંભળી શકતો નથી. તે સાંભળીને ચીંતીત અને ભયભીત પણ થઇ જવાય છે. લાગે છે કે ભારતના દલીતો, આદીવાસીઓ, અન્ય પછાત વર્ગો, ખેડુતો અને સ્ત્રીઓનું ભવીશ્ય કદાચ ભયાવહ હોઇ શકે છે. જેના પરીણામે દેશ અને સમાજનું ભવીશ્ય પણ ઉજળું ન હોઇ શકે.

'ગાંધી આજે હોત તો આપઘાત કરી લેત' એ વીશય લઇને આજે કોઇક વીદ્વાન અવશ્ય લાંબી લેખમાળા લખી શકે એમ છે, પરંતુ આવી લેખમાળા જેમ વ્યર્થ અને હાસ્યાસ્પદ છે, તેમ 'ગાંધી આજે હોત તો રેશનાલીઝમના પુરસ્કર્તા હોત' એ લેખમાળા પણ એવી જ વ્યર્થ, બેવકુફીપુર્ણ, સમય, શક્તી અને 'વીવેકપંથી'નાં પાનાં બગાડનાર છે. આ લેખમાળાએ રોકેલી જગ્યાને કારણે મારા જેવા અનેક રેશનાલીઝમ પર આધારીત વીચારોના લેખો અને ચર્ચાપત્રો કચરાટોપલીમાં ગયા હશે એવું લાગે છે, જે મારા જેવા અનેકને તથા રેશનાલીઝમને

પણ અન્યાયકર્તા છે.

'ધનુશવીહોણા રામ'નો વીશય લઇને હવે બધા 'વીવેકપંથી'નાં પાનાં બગાડવા લાગ્યા છે. વાસ્તવીકતા એ છે કે આજે ભારતની વીચારધારાના મહેલને તેના પાયામાંથી બદલવાની તાતી આવશ્યકતા છે. 'ધનુશવીહોણા રામ' એ તો આ મહેલના કાંગરાની એક કાંકરી માત્ર છે, જે ખરી જવાથી મહેલમાં રજમાત્રનો પણ ફરક પડવાનો નથી. તેની વીવેકપંથીઓએ ખાસ નોંધ લેવી જરુરી છે, તેથી તેની બીનજરુરી ચર્ચા હવે બંધ થઇ જાય તો સૌને માટે સારું રહેશે.

જ્યાં સુધી પાયામાં પડેલા ઇશ્વર અને વર્ણવ્યવસ્થાનાં રોડાં કાઢી નાખવામાં ન આવે ત્યાં સુધી ભારતીય સમાજનો ઉદ્ધાર શક્ય નથી. પ્રસ્તુત 'વીવેકપંથી'માં પ્રા. રમણ પાઠકના 'ઇશ્વરનું અનસ્તીત્વ પ્રચારવાની અનીવાર્યતા' અને વીક્રમ દલાલના 'આવો ઇશ્વર હોય તોય શું કામનો ?' અંતર્ગત વીચારો અત્યંત મનનીય અને પ્રેરક એવા સચોટ છે. પ્રા. જે. પી. મહેતાએ મોરારીબાપુને દુધ-દહીંયા નીતી છોડી કોઇ એક જ નીતી અપનાવવાની વાત કરી છે, તે પણ એટલી જ સત્ય છે.

- એન. વી. ચાવડા, કડોદ

તંત્રી તેમને તક આપે

અંક ૮૯માં લલીત નગરશેઠે આડેધડ અને અસંગત મુદ્દાઓ રજુ કર્યા છે.

૧. ચર્ચાનો મુદ્દો ફક્ત ધનુશવીહોણા રામનો હતો, જે ચાતરીને તેણે રામ અને સમસ્ત રામાયણને ચર્ચાનો મુદ્દો બનાવી દીધો છે.

૨. જરુરત વખતે જ આખો વખત ધનુશ ધારણ કરી રાખવાનો શો અર્થ ? એ શબ્દો કદાચ એમના ના હોય તો પણ તેનો એ અર્થ તો થઇ જ શકે છે કે રાવણને મારતી વખતે રામે ધનુશ ધર્યું એ વાજબી હતું, પણ વાલી-શંબુકની ઘટનાઓમાં એને વાજબી ઠરાવી ના શકાય.

ઉમેરાયેલા શબ્દો તો નગરશેઠના મંતવ્યનું સમર્થન કરનારા જ છે, પણ તેમણે તો અર્થ જ ઉલટાવી નાખ્યો છે.

તેઓ આગળ ચાલતાં લખે છે કે તંત્રી તક આપે તો તેઓ રામના આતંકના બીજા સ્વતંત્ર લેખો પણ લખી શકે છે. તંત્રીને હું અનુરોધ કરું છું કે તેમને તેવી તક આપે.

- લક્ષ્મીદાસ ખટાઉ

૨૧, સુબોધગુરુ, ટાગોર રોડ,સાન્તાક્રુઝ (પ.), મુંબઇ-૫૪.

ઇન્ટરવ્યુ દેડકા-દેડકીનો

લોકોની અંધશ્રદ્ધાના પ્રકાર આ ૨૧મી સદીમાં પણ ચીત્રવીચીત્ર હોય છે તે જાણીને હસવું કે રડવું તે જ નક્કી કરવું મુશ્કેલ. 'વીવેકપંથી'ના પ્રયાસો ખુબ અસરકારક હોય છે. તેમાં પણ ગુલાબભાઇએ દેડકા-દેડકીનો ઇન્ટરવ્યુ લઇને તો કમાલ જ કરી છે. વાંચીને પેટ પકડીને હસ્યા. હસીહસાવીને કડવી ગોળી ગળાવવાની આ અદ્‌ભુત કળા છે. ધન્યવાદ.

- ચંદ્રકાન્ત પારેખ

ચંદ્રલોક રેસીડન્સી કૉમ્પ્લેક્ષ,
૧૧૧, સરોજીની રોડ, સીકન્દરાબાદ ૫૦૦૦૦૩.

કહેવાતા સંતોનાં તો નામ પણ ટીકાભાવે જ લેવાય તેવી જે પ્રચલીત રેશનાલીસ્ટ માન્યતા છે તેનાથી નીચેની વાત કંઇક જુદી પડે છે. છતાં એના માનવીય મુલ્યો તો ખરાં જ ને !

એક માન્યતા એવી છે કે કોઇપણ માર્ગે કરોડો એકઠા કરી લીધા પછી કાનખજુરાના પગ જેટલાં સામાજીક કાર્યોના દેખાડા કરવા તે કેટલાક કહેવાતા સંતોનો કરતબ હોય છે. નીચેની વાત તો એનાથી પણ કંઇક જુદી પડતી હોય તેવું તમને લાગે છે ? 'હા' કે 'ના' જે હોય તો જણાવજો. - તંત્રી

તટસ્થ નજરે પેખવા જેવું

હૃદયના કાણાની સારવારનો ખર્ચ રુ. ૮૦ હજાર, બાયપાસનો રુ. ૧ લાખ અને વાલ્વ બદલવાનો ખર્ચ રુ. ૨ લાખ જેટલો હોય છે.

આવી સ્થીતીમાં હૃદયરોગની મોંઘી સારવાર કોઇ હૉસ્પીટલ સાવ વીનામુલ્યે આપે છે તેવું કહે તો મન માને નહીં, પણ દક્ષીણ ભારતમાં પુટ્ટપર્તી અને બેંગલોરની અત્યંત આધુનીક સવલતો ધરાવતી સત્ય સાંઇ ટ્રસ્ટ સંચાલીત હૉસ્પીટલોએ ૫૦ હજારથી વધુ હૃદયરોગના ઑપરેશન વીનામુલ્યે કર્યાં છે. ગુજરાતમાં પણ રાજકોટ ખાતે આધુનીક સુવીધાવાળી સત્યસાંઇ હૉસ્પીટલ રુ. ૨૫ કરોડના ખર્ચે સ્થપાઇ છે, જ્યાં બાયપાસ, હૃદયનું કાણું અને વાલ્વ બદલવાનાં ૩૦૦૦થી વધુ ઑપરેશન છેલ્લાં ૮ વર્ષમાં તદ્દન વીનામુલ્યે થયાં છે. આ વાત જાણ્યા પછી વીશ્વાસ ન બેસતાં આવું શક્ય બને જ નહીં તેવા સંશયથી ગણતરીપુર્વકનાં દાન કરનારા ગુજરાતના એક જાણીતા ઉદ્યોગગૃહના સંચાલક જાતે તપાસ કરવા

રાજકોટ ગયા હતા અને જાતે જોયા પછી **છેલ્લાં ત્રણ વર્ષથી તેઓ પોતાની મહાકાય કંપનીના ચોખ્ખા નફાનો એક ટકો રકમ હૉસ્પીટલને દાનમાં આપે છે અને પ્રતીવર્ષ આ પ્રણાલી ચાલુ રાખવાનો તેમણે નીર્ણય કર્યો છે.**

રવીશંકર, પ્રમુખસ્વામી, પુર્વરાષ્ટ્રપતી અબ્દુલ કલામ, મોરારીબાપુ, રમેશ ઓઝા અને સચ્ચીદાનંદજી જેવા મહાનુભાવોએ હૉસ્પીટલને સમાજસેવાના તીર્થસ્થાન સમી ગણાવી છે. દુનીયામાં દક્ષીણના જાણીતા સંત સત્ય સાંઇબાબાની પ્રેરણાથી રાજકોટમાં આ હૉસ્પીટલની સ્થાપના થઇ છે. બાબાની ઇચ્છા અને સ્પશ્ટ આદેશ મુજબ અહીં મફત સારવાર કોઇ પણ જાતના ધર્મ, જાતી, લીંગ, રંગ કે રાજ્યના ભેદભાવ વીના આપવામાં આવે છે. ભરપુર પૈસા ખર્ચનારને જેવી ગુણવત્તાસભર સારવાર મળે તેવી જ સારવાર અહીં માનવતાને નાતે અપાય છે. દર્દી પર ઉપકારની ભાવનાથી નહીં અને તે જરાય લાચારી ન અનુભવે તેનો ખ્યાલ રાખીને. - **મણીલાલ એમ. પટેલ**

(તા. ૨૫-૯ના દીવ્ય ભાસ્કરના તેમના લેખમાંથી)

ગઝલ

યારી રહી નથી, અદાવત રહી નથી,
કોઇ કમાલ, કરામત રહી નથી.
આંખના જળ પર યકીન છે મને,
કશું કહેવાની જરુરત રહી નથી.
ફગાવી દીધાં છે પોટલાંઓ બધાં,
કોઇ સવાલ, કોઇ શરત રહી નથી.
મ્હોરાંઓ છે ફક્ત મુશ્કુરાહટોના,
કોઇને મળવાની મમત રહી નથી.
શોધ સત્યની અધુરી રહી ગઇ,
જાત સામે લડવાની હીંમત રહી નથી.
તારા હોવાનો જવાબ મળતો નથી,
બંદગીમાં હે ખુદા, લીજ્જત રહી નથી.

- વીજય આશર (જામનગર)

વીચીત્ર વૃત્તાંત

સંપાદકઃ એડવોકેટ જયદેવ ત્રીવેદી

- આ વર્શે માત્ર મુંબઇમાં ૧૭,૫૦૦ કરોડની નકલી દવાઓનું વેચાણ થયું. નકલી દવા પકડનાર માટે રુ. ૨૫ લાખનું ઇનામ છે, પણ અગાઉ કુપર હૉસ્પીટલમાંથી પકડાયેલા ૬૫ કરોડના નકલી દવા કૌભાંડમા કોઇને સજા થઇ નથી.
- થાણેથી સી.એસ.ટી. સ્ટેશને જઇ રહેલી ગાડીમાંથી એક મહીલાએ પોતાના નવજાત પુત્રને પ્લાસ્ટીકની થેલીમાં નાખીને ચાલુ ગાડીએ ફેંકી દીધો.
- અંધશ્રદ્ધા પ્રેર્યા ગુલબર્ગા કર્ણાટકનાં અનેક માબાપોએ સુર્યગ્રહણ વખતે પોતાનાં બાળકોને ગળા સુધી જમીનમાં દાટી રાખ્યાં હતાં.
- કાંદીવલીના શ્રાવણી માતાના મંદીરમાં એક નવયુવાન ત્યક્તા ચાર દીવસના નવજાત શીશુને તરછોડીને ભાગી ગઇ. વળતા દીવસે માતૃત્વ જાગતાં બાળક શોધવા પાછી આવતાં પોલીસે પકડી.
- કલકત્તાથી બીહારના શ્વસુરગૃહે જઇ રહેલી એક પરીણીત યુવતી પર ચાલુ ટ્રેનમાંથી ખેંચી કાઢીને ગુંડાઓએ બળાત્કાર કર્યો. બાઇને બચાવવા એક પણ પ્રવાસી આગળ ના આવ્યો, કે ના રેલવેપોલીસે મદદ કરી. બાઇની સાથે તેનું ૮ મહીનાનું બાળક પણ હતું.
- ખંભાળીયામાં ૨૫ લાખની લુંટ કરીને દ્વારકા દર્શને જતા ચાર લુંટારાઓને સ્થાનીક પોલીસે ઝડપી લીધા.
- અંજારના કચ્છીમાડુને ગંગાસાગર-કલકત્તાની યાત્રાએ જતાં ઓમકાર લખેલો પથ્થર મળ્યો, જેની ઘેર લાવીને સ્થાપના કરતાં રોજ દર્શનાર્થીઓની ભીડ જામે છે.
- વર્ગમાં બીભત્સ વાતો કરતા શીક્ષકને એક શીક્ષીકાએ ઠપકો આપતાં કેશોદના શીક્ષકે ચાલુ વર્ગે શીક્ષીકાનું વસ્ત્રહરણ કર્યું.
- અંધેરી-મુંબઇના ચાર સાંઇભક્તો મોટરમાર્ગે શીરડી સાંઇબાબાના દર્શને જઇ રહ્યા હતા ત્યાં કોપરગાંવ પાસે અકસ્માત થતાં ચારેયનાં મૃત્યુ થયાં. સાંઇએ બચાવ્યા નહીં.
- કાંકરેજના ધારાસભ્ય બાબુભાઇ દેસાઇએ ૬૦ લાખના ખર્ચે બનાવી આપેલા શુદ્ધ સોનાના સીંહાસન પર દ્વારકાધીશ બીરાજે છે.
- ભક્તોને પરચુરણ મેળવવાની તકલીફ ના પડે તે

માટે દ્વારકા મંદીરમાં મુકાનારા પરચુરણ આપતા મશીનની વીધીવત્ પુજા કરી, શારદાપીઠના શંકરાચાર્યે તેનું ઉદ્ઘાટન કર્યું.

S થાણેમાં એક જૈન સ્થાનક હોવા છતાં રુ. ૨૦ કરોડના ખર્ચે બીજું જૈન સ્થાનક બંધાવાઇ રહ્યું છે.

S ચપટી વગાડતાં લોકોનાં દુ:ખદર્દ દુર કરી આપતા ભાયંદરના ફુરકાન અબ્દુલ સત્તારની પોલીસે ધરપકડ કરી છે. દાદરના મહાદેવ નાટેકરની પત્નીની રુ. ૩.૨૫ લાખની છેતરપીંડી સહીત લાખોની છેતરપીંડી કરનાર એ બાબાના ફ્લૅટમાંથી સેંકડો કોન્ડોમ મળી આવ્યાં હતાં.

S આસારામ આશ્રમના ત્રણ સાધકો વીરુદ્ધ અપહરણના ગુનાસર કાળુપુર પોલીસે ફરીયાદ નોંધી છે.

S અમરયાત્રામાં શીવલીંગના દર્શને ઉમટેલા સાડા પાંચ લાખ યાત્રીઓ પૈકી ૬૮ યાત્રાળુઓ સ્થળ પર જ મૃત્યુ પામ્યા.

S સજાતીય સંબંધને અપરાધ ગણતી ૩૭૭મી કલમ રદ કરવા સડક પર ઉતરી આવેલા સમલીંગીઓ સાથે અભીનેત્રી સેલીના જેટલી પણ જોડાઇ હતી.

S મારા (આ વીભાગના સંપાદકના) દાદાજીના અસ્થી વીસર્જન અર્થે તીર્થરાજ પ્રયાગ-અલાહાબાદ ગયા ત્યારે વીસર્જન માટે પંડા સાથે રુ. ૫૦૦ અને નૌકાના રુ. ૧૫૦ ઠરાવ્યા હતા. વીસર્જન થઇ ગયા બાદ પંડાએ ૫૦૦૦ માટે અને નૌકાવાળાએ ૧૫૦૦ માટે દાદાગીરી કરતાં અમારે પોલીસનું શરણું લેવું પડ્યું હતું.

S જસદણ તાલુકાના બરવાળા ગામના એક જ કુટુંબના ભાઇ-બહેને પ્રેમ પ્રકરણમાં ઝેર ઘોળ્યું. ભાઇ ૧૮ વર્શનો અને બહેન ૧૫ વર્શની હતી.

S ગોવાના ચાર પ્રધાનો રીઢા જુગારીઓ છે. તેઓ અવારનવાર કેસીનોમાં જઇને લાખોની હાર-જીત કરે છે.

S મુંબઇના વરલી સી લીંકનું ઉદ્ઘાટન કરવા આવેલાં સોનીયા ગાંધીએ મધદરીયે મોટર કાફલો અટકાવી સમુદ્રમાં નાળીયેર અને ફુલ પધરાવ્યાં ત્યારે સ્થાનીક કોળીઓ પણ આશ્ચર્યમુગ્ધ થયા હતા.

S હૉંગકૉંગની ટીનએજર્સો મોજશોખ કરવા માટે મોટી ઉંમરનાઓ સાથે પણ સેક્સ સંબંધ બાંધવા તૈયાર થઇ જાય છે અને ડેટીંગ કરે છે.

S સાંગલીથી ૧૮૦ કીલોમીટર પર ૧૧ વર્શની બાલીકાની બલી આપનાર રામ બસપ્પા વાલસંગ નામના ૨૬ વર્શના યુવાનને લોકટોળાએ પથ્થરોથી છુંદી નાખ્યો.

S રશીયામાં કરાટે ચેમ્પીયન અને હેરડ્રેસર મહીલાની દુકાનમાં ચોરી કરવા આવનાર ચોરને પકડી એક ઓરડામાં બંધક બનાવી વાયગ્રા ગોળી ગળાવી જબરજસ્તીથી સેક્સ માણનાર એ મહીલાએ સંતૃપ્ત થયા પછી ચાર દીવસે ચોરને ૧૦૦૦ રુબલ રોકડા ઇનામમાં આપ્યા.

S સાથે લાવેલું ઓજાર કટર કામ ના કરતાં ચોરી કરવા આવેલા પંજાબના શીયારપુરના લુંટારા આખું એટીએમ મશીન જ ઉઠાવી ગયા.

S કાશ્મીરથી ટ્રકોમાં ચરસ છુપાવીને ગુજરાતનાં ૨૫ શહેરોમાં સપ્લાય કરતા ઍરફોર્સના એક કર્મચારીએ ૬ મહીનામાં એક કરોડની બૅન્ક બેલેન્સ વધારી.

S લખનૌ મુઝફ્ફરનગરમાં બે લેસ્બીયન યુવતીઓએ લગ્ન કર્યા બાદ તેમને પોલીસ પ્રોટેક્શન આપવામાં આવ્યું છે. એ જ જીલ્લાના સાયલી ગામમાં બ્રાહ્મણ કન્યા કોયલ શર્મા અને દલીત કન્યા પીન્કી કશ્યપે પણ આર્યસમાજ વીધીથી લગ્ન કર્યાં છે.

S ગોવાની ૧૯ વર્શની કન્યા પર નોકરીની લાલચ આપી બળાત્કાર કરનાર ૨૮ વર્શના એડવૉકેટની ધરપકડ થઇ છે.

S હરીયાણાના જીંદ ગામે સગોત્રી લગ્ન કરનાર યુવકને પોલીસની હાજરીમાં જ ગામલોકોએ ચીરી નાખી તેની પત્નીને નગ્ન કરી ગામમાં ફેરવી.

S ૩૮ વર્શના ઇન્દ્ર બેડીયાએ રાયગઢની રીમા નામની ૧૧ વર્શની વીદ્યાર્થીનીની છેડતી કરતાં ગામલોકોએ તેને એ વીદ્યાર્થીનીની સાથે જ લગ્ન કરવાની સજા કરી, જેમાં કન્યાના પીતાને પણ વાંધો નહોતો.

S મજુરી કરતાં મા-બાપના બહેરા પુત્ર મણીરામ શર્માએ રાજસ્થાનમાં Ph.D. કર્યા બાદ આઇ.એ.એસ.ની વીવીધ વીશયે ત્રણ પરીક્ષાઓ પાસ કરી છે, પણ સરકાર તેને પોસ્ટીંગ આપતી નથી.

ચમકારો

ચલો દીલદાર ચલો, ચાંદ કે પાર ચલો

ભારતના ગણીતશાસ્ત્રીઓએ શુન્યનો આંક આપ્યો ત્યારે વીશ્વમાં ગણતરીનો પ્રારંભ થયો, હવે ચંદ્ર પર પાણી શોધી આપ્યું છે ત્યારે પૃથ્વી સીવાય બ્રહ્માંડમાં અન્ય કોઇ સ્થળે વસવાટના પ્રારંભની દીશા ઉઘાડે તો નવાઇ નહીં. માનવ વસવાટ માટે પાણી બીજું ઘણું બધું તાણી લાવે છે, ત્યારે આવતાં વર્શોમાં માણસ ચંદ્ર પર અપડાઉન કરતો થઇ જાય તો નવાઇ નહીં. [દીવ્ય ભાસ્કર, તા. ૨૫-૯ના અગ્રલેખમાંથી]

એ તો થાય ત્યારે ખરું, પણ સાંભળો નીચેના બે ઘરેલુ સંવાદો :

''કહું છું, સાંભળો છો ? ચંદ્ર પર પાણી મળી આવ્યું છે એ વાત ખરી છે ?''

''હાસ્તો, પણ તને વળી તેનાથી શું ફરક પડે છે ?''

''કેમ ઓછા વરસાદના કારણે મુંબઇમાં આવનારો પાણીકાપ હવે તો નહીં જ આવે ને !''

''હલ્લો ! ચંદ્ર પરનું બુકીંગ કરો છો ? બુકીંગ રેટ શું કાઢ્યો ?''

''ચોરસ સેન્ટીમીટરના ફક્ત રુપીયા ૩૫૦૦.''

''અને કબજો કયારે ?''

''૨૫ ટકા ભરી તરત બુકીંગ કરાવનારને સંવત ૩૦૦૦ની દીવાળીએ કબજો પાકો.''

''ભાઇ જરા જોઇને પથ્થર ફેંકો. હમણાં જ તમારો પથ્થર મારું માથું ફોડતાં સહેજમાં રહી ગયો.''

''માફ કરજો. ફરીવાર એવું નહીં થાય.''

ä ä

''તમારી આટલી મોટી કમાણીનું રહસ્ય શું ?''

''મારી પત્ની.''

''વાહ, એણે કઇ રીતે તમને મદદ કરી ?''

''ગમે તેટલા પૈસા આપું, પણ સદા રડતી ને રડતી રહીને !''

ä ä

''સાચું કહું સીસ્ટર ? હું સાજો થઇ ઘેર જવા માંગતો જ નથી. તમારી સાથે પ્રેમ થઇ ગયો છે.''

''અમારા રેસીડન્ટ ડૉક્ટર પણ એ જ કારણે પ્રોમોશન નથી લેતા.''

ä ä

નીર્માતા : તમારા લખેલા નાટકમાં હજી એક પાત્ર ઉમેરવું પડે તેમ છે.''

લેખક : કયું પાત્ર ?

નીર્માતા : અન્વેશકનું.

લેખક : એ શા માટે ?

નીર્માતા : નાટકનો અંત શોધી કાઢવા માટે.

PRINTED BOOK

TO

From :

વીવેકપંથી

C/o. Gulab Bheda
2-C/1, Asmita Mogra,
Dutta Jagdamba Marg,
Sher-E-Punjab Colony,
Andheri (East), Mumbai-400 093